dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 09 | AD - 2026, Bhadarva Vad-14 | Friday, Dt. 09-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુરક્ષાચક કડક, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તીખા પ્રહારો

# ચૂંટણી કમિશનર સામે વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા'ના રાજઘાટ પર ધરણા

નવી દિલ્હી,તા.૦૮

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધનનું વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત વિપક્ષી સાંસદોએ રાજઘાટ અને ગાંધી સ્મૃતિ ખાતે પહોંચીને ધર્ણા કર્યા હતા.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે લગભગ ૩૦૦ વિપક્ષી સાંસદો શાંતિપૂર્ણ વિરોધ કરવા માગે છે, પરંતુ તેમને સતત રોકવામાં આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો કે પહેલાં ચૂંટણી પંચની ઓફિસ અને ત્યારબાદ જંતર-મંતર પર તેમને જતા અટકાવવામાં આવ્યા તથા પ્રદર્શન દરમિયાન સાથી સાંસદો સાથે ગેરવર્તણૂક કરવામાં આવી. રાહુલે વધુમાં આરોપ મૂક્યો કે દેશની લોકશાહી વ્યવસ્થા અને બંધારણને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે તેમજ 'મત ચોરી' થવાની સ્થિતિ સર્જાઈ છે. તેમણે ખાતરી આપી કે આ બાબતે કાયદાકીય અને લોકશાહી રાહે વિપક્ષ આકરાં પગલાં સુનિશ્ચિત કરશે. બીજી તરફ, રાજ્યસભાના વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે વિપક્ષી નેતાઓ ગાંધી સ્મારક ખાતે શાંતિપૂર્ણ પ્રાર્થના કરીને સરકારને દેશહિતમાં નિર્ણય લેવાની સદ્બુદ્ધિ મળે તે માટે વિરોધ નોંધાવી રહ્યા છે. તેમણે મોંઘવારી, બેરોજગારી



અને નાગરિકોના મતદાનના અધિકાર પર થતા અતિક્રમણ સામે અવાજ ઉઠાવવાની નિષ્ઠા વ્યક્ત કરી. કોંગ્રેસ નેતા પવન ખેરાએ ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ દોહરાવી હતી.આ વિરોધ પ્રદર્શન સામે ભાજપે આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ જણાવ્યું કે કોંગ્રેસ સતત દેશની લોકશાહી સંસ્થાઓ પર સવાલો ઉઠાવી રહી છે. ચૂંટણીઓમાં સતત પરાજય મળ્યા બાદ રાહુલ ગાંધી સમજી ગયા છે કે જનતાને તેમના પર વિશ્વાસનો અભાવ છે. તેથી, લોકશાહી માધ્યમથી સત્તા મેળવવાને બદલે, તેઓ લોકશાહી સંસ્થાઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે. ભાજપના અન્ય નેતાઓએ પ્રદર્શન દરમિયાન કાર્યકરો દ્વારા કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવાનો આરોપ પણ મૂક્યો હતો.




# ૭૫ વર્ષની વયે પીઢ અભિનેતા નાના પાટેકરનું નિધન, ફિલ્મ ઉદ્યોગમાં શોકની લાગણી

મુંબઈ, તા.૮

પીઢ અભિનેતા નાના પાટેકરના અચાનક નિધનથી ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને તેમના અસંખ્ય ચાહકોમાં શોકની લાગણી ફેલાઈ છે. ૭૫ વર્ષીય નાના પાટેકરનું ગુરુવાર, ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ગોવાના ડોના પૌલા સ્થિત નિવાસસ્થાને તબિયત બગડ્યા બાદ અવસાન થયું હતું. તેમને ગંભીર સ્થિતિમાં મણિપાલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ આશરે ૪૫ મિનિટ સુધી સીપીઆર સહિતના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમને બચાવી શકાયા નહોતા. હોસ્પિટલના તબીબ ડો. શેખર સાલકરે કાર્ડિયાક અરેસ્ટને મૃત્યુનું કારણ ગણાવ્યું હતું. તેમને સવારે લગભગ ૫:૨૦ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અહેવાલ મુજબ, તબિયત ખરાબ લાગતાં નાના પાટેકરે વહેલી સવારે એક મિત્રને સંદેશો કર્યો હતો. મિત્ર તેમના ઘરે પહોંચ્યા ત્યારે તેઓ અસ્વસ્થ હાલતમાં હતા અને બાદમાં તાત્કાલિક તબીબી મદદ બોલાવવામાં આવી હતી. એમ્બ્યુલન્સમાં જ સારવાર શરૂ કરવામાં આવી હતી. તેમ છતાં તેમની સ્થિતિમાં સુધારો થયો નહોતો.નાના



પાટેકરે ૧૯૭૮માં 'ગમન' ફિલ્મથી અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. 'અંકુશ', 'પરિંદા', 'પ્રહાર', 'તિરંગા', 'ક્રાંતિવીર', 'ખામોશી' અને 'અબ તક છપ્પન' જેવી ફિલ્મોમાં તેમના દમદાર અભિનયે તેમને આગવી ઓળખ અપાવી હતી. હિન્દી ઉપરાંત મરાઠી સિનેમામાં પણ તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

તેમને ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સહિત અનેક સન્માન મળ્યાં હતાં અને ૨૦૧૩માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.નાના પાટેકરના નિધનના સમાચારથી ફિલ્મ જગતમાં શોકની લાગણી પ્રસરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓ અને કલાકારોએ તેમના નિધન પર દુ:ખ વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે. મહારાષ્ટ્ર સરકારે તેમના અંતિમ સંસ્કાર રાજ્ય સન્માન સાથે કરવાની જાહેરાત કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

## પ્રાર્થનાસભા



**સ્વ. વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર (ઉ.વ. ૬૭)**
અ.નિ. તા. ૦૭-૧૦-૨૦૨૬, બુધવાર (ગામ : વાવડી રોડ)

દિલગીરી સાથે જણાવવાનું કેઅમારા પિતાશ્રી વિરજીભાઈ કેશવભાઈ ઠુંમર તા- ૦૭-૧૦-૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું**

તારીખ : ૦૯-૧૦-૨૦૨૬, શુક્રવાર
સમય : સવારના ૦૮:૦૦ થી
સાંજના ૬:૦૦ સુધી

તારીખ : ૧૦-૧૦-૨૦૨૬, શનિવાર
સમય : સવારના ૦૮:૦૦ થી
સાંજના ૬:૦૦ સુધી

સ્થળ : વિ. કે. ફાર્મ, કુંકાવાવ રોડ, અમરેલી.

લી.

ગં.સ્વ. નીલાબેન વિરજીભાઈ ઠુંમર
ચંદુભાઈ બાબુભાઈ ઠુંમર
જેનીબેન વિરજીભાઈ ઠુંમર
રમેશભાઈ કેશવભાઈ ઠુંમર
જયંતિભાઈ બાબુભાઈ ઠુંમર
તથા ઠુંમર પરિવારના જયશ્રી કૃષ્ણ

## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ ઓફિસ, અમરેલી, ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૬૦૧
ઈ-મેઈલ : ho@ajms.bank.in વેબસબઈટ : www.ajms.bank.in

### - જાહેર નોટિસ-

**વિષય: લોકરનું ભાડું તથા અન્ય લાગુ પડતા ચાર્જ બાકી હોવાથી લોકર તોડવાની અંતિમ જાહેર નોટિસ**

બેન્કના નીચે દર્શાવેલ લોકરધારકોને જાણ કરવામાં આવે છે કે બેંકની અલગ અલગ શાખાઓમાં આવેલ તેમના લોકરનું ભાડું તથા અન્ય લાગુ પડતા ચાર્જ છેલ્લા ત્રણ વર્ષ ઉપરાંતથી બાકી છે.

બેંકમાં નોંધાયેલ સરનામે અનેક વખત લેખિત નોટિસો / સંદેશાઓ મોકલવામાં આવ્યા હોવા છતાં લોકર ધારકોએ લોકરનું ભાડું ભર્યું નથી તેમજ લોકરનું સંચાલન કરવા માટે બેંકનો સંપર્ક કર્યો નથી.

લોકર ધારકોને આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર સંબંધિત શાખામાં હાજર રહી બાકી રહેલ લોકર ભાડું, દંડ તથા અન્ય લાગુ પડતા ચાર્જ ભરપાઈ કરી લોકર ઓપરેટ કરવા આથી તમોને જણાવવામાં આવે છે.

જો નિર્ધારિત સમયમર્યાદામાં લોકરધારકો બેંકનો સંપર્ક કરશે નહીં, તો બેંકને લોકર કરારની શરતો તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની પ્રચલિત માર્ગદર્શિકા અનુસાર, લોકરધારકની ગેરહાજરીમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન કરીને લોકર તોડી (Break Open) તેની અંદરની વસ્તુઓની યાદી (Inventroy) તૈયાર કરી તેને સુરક્ષિત કસ્ટડીમાં રાખવાનો બેન્કને અધિકાર રહેશે. આ માટે થનાર તમામ ખર્ચ, ચાર્જ તથા અન્ય જવાબદારી લોકર ધારકના ખાતે વસૂલ કરવામાં આવશે.લોકર ધારકોની વિગતો

| ક્રમ નં | શાખાનું નામ | લોકર નં. | લોકર ધારક/ધારકોના નામ | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | A549 | વામનભાઈ શાંતિલાલ નિરંજની તથા શારદાબેન વામનભાઈ નિરંજની | ગુરુકૃપા નગર -૧, ચિતલ રોડ, અમરેલી |
| ૨ | અમરેલી | D11 | દુર્ગેશભાઈ પ્રભુદાસભાઈ અકબરી તથા જ્યોતિબેન પ્રભુદાસભાઈ અકબરી | મુ. વાંકિયા, તા. જી. અમરેલી |
| ૩ | અમરેલી | C354 | પરીક્ષિતભાઈ સુખદેવસિંહભાઈ જાડેજા તથા ગૌતમીબેન સુખદેવસિંહભાઈ જાડેજા | શિવ સોસાયટી, ચક્કરગઢ રોડ, રામવાડી, અમરેલી |
| ૪ | અમરેલી | A119 | અતુલભાઈ મનુભાઈ પારેખ તથા જસવંતીબેન મનુભાઈ પારેખ | ૫૩, ગણેશ સોસાયટી ચિતલ રોડ, અમરેલી |
| ૫ | અમરેલી | A376 | ધીરજલાલ હરિલાલ કરછલા તથા સંગીતાબેન ધીરજલાલ કરછલા | મુ. મોટા આંકડિયા, તા. જી. અમરેલી |
| ૬ | બાબરા | C253 | નિકુંજભાઈ પ્રવિણભાઈ ભટ્ટ | પ્લોટ નો.૪૫૩/૨૪, સાગવાડી કાળીયાબીડ, ભાવનગર |
| ૭ | કુંકાવાવ | B71 | રમેશભાઈ બચુભાઈ દેસાઈ તથા જ્યોત્સનાબેન રમેશભાઈ દેસાઈ | મુ. ખજૂરી પીપળીયા, તા. કુંકાવાવ, જી. અમરેલી |

નોંધ: વધુ માહિતી માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો.

તારીખ:- ૦૮/૧૦/૨૦૨૬
સ્થળ :- અમરેલી.

સહી
(બી. એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ઘી અ.જી.મ.સ.બેંક લી. અમરેલી.

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૯-૧૦-૨૦૨૬

# સાવરકુંડલામાં એરોગેસ એજન્સી ખાતે સિલિન્ડર માટે ગ્રાહકોની ભીડ યથાવત

સાવરકુંડલા,તા.૦૮


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના દેવળા ગેટ ખાતે આવેલી એરોગેસ એજન્સીની કચેરીએ ગેસ સિલિન્ડર અને KYCની કામગીરી માટે ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. છેલ્લા બે વર્ષથી સમસ્યા યથાવત હોવાનો ગ્રાહકોનો આક્ષેપ છે. હાલ અંદાજે ૫ હજાર જેટલા ગ્રાહકોની KYC કામગીરી ચાલી રહી છે, પરંતુ ધીમી કામગીરીના કારણે ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. કચેરીએ પીવાના પાણી અને બેસવાની પુરતી સુવિધા પણ નથી. સ્ટાફ તરફથી યોગ્ય જવાબ નહીં મળતા અવારનવાર ગ્રાહકો વચ્ચે રકઝકના બનાવો બને છે. અગાઉ રજૂઆતો અને આંદોલનો છતાં સ્થિતિમાં સુધારો ન થતાં લોકોમાં રોષ છે. તંત્ર અને જનપ્રતિનિધિઓએ તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવી તેવી માંગ ઉઠી છે.

# લાઠી તાલુકાના ચાવંડ-હિરાણા રોડનું રૂ. ૨.૨૦ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત

લાઠી,તા.૦૮



લાઠી તાલુકાના ચાવંડથી હિરાણા ગામને જોડતા નોન પ્લાન રોડના નિર્માણ કાર્યનું રૂ. ૨.૨૦ કરોડના ખર્ચે ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી આ રોડની માંગ હોવાથી કામ શરૂ થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે જનક તળાવીયાએ જણાવ્યું કે, ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત માર્ગ વ્યવસ્થા જરૂરી છે. રોડ બનવાથી ચાવંડ, હિરાણા સહિત આસપાસના ગામોના ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને નાગરિકોને અવરજવરમાં સુવિધા મળશે. રાજ્ય સરકારની વિકાસલક્ષી નીતિઓથી લાઠી તાલુકામાં વિકાસ કાર્યોને વેગ મળ્યો છે. પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યો, પૂર્વ સદસ્ય, સરપંચ, પંચાયત સભ્યો, આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દિવેલાના પાકમાં ચુસીયા જીવાતોના નિયંત્રણ માટે ખેડૂતોને સૂચના

અમરેલી તા.૦૮

દિવેલાના ઊભા પાકમાં ચુસીયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોને પગલા લેવા જણાવાયું છે. વાવણી બાદ એક મહિને ૧૦ પિંજર પ્રતિ હેક્ટર પ્રમાણે પીળા ચીણા પિંજર લગાવવા સૂચના અપાઈ છે. ઉપદ્રવ જણાય ત્યારે લીંબોળીનું તેલ અથવા એઝાડિરેક્ટીન દવાનો છંટકાવ કરવો. જૈવિક નિયંત્રણ માટે લેકાનીસીલીયમ લેકાની તથા બીવેરીયા બેસિયાના ફૂગનાશકનો ઉપયોગ કરી શકાય છે. તડતડીયા, થ્રિપ્સ, પાન કોરિયા અને સફેદમાખીના નિયંત્રણ માટે ભલામણ કરેલ દવાનો ઉપયોગ કરવા જણાવ્યું છે. દવાનો ઉપયોગ લેબલ મુજબ કરવો તથા વધુ માહિતી માટે નજીકના ખેતી અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# સાવરકુંડલામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક તપાસ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૦૮




સાવરકુંડલા સ્થિત ગાંધી ધર્મશાળા ખાતે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર તથા જિલ્લા વહીવટી તંત્ર-અમરેલીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાલા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં વરિષ્ઠ નાગરિકો તથા જરૂરિયાતમંદોની નિઃશુલ્ક તપાસ કરી સાધન સહાય માટે નિદાન કરવામાં આવ્યું હતું. આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.

# PM કિસાન યોજનાના લાભાર્થીઓ માટે વાર્ષિક e-KYC ફરજિયાત

અમરેલી તા.૦૮

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સહાય મેળવતા તમામ નોંધાયેલા લાભાર્થી ખેડૂતોએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક e-KYC ફરજિયાત પૂર્ણ કરવાનું રહેશે. e-KYC બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશનથી કરી શકાશે. ગામના વિલેજ નોડલ ઓફિસર મારફતે PM-KISAN એપથી, નજીકના CSC અથવા ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે બાયોમેટ્રિકથી તથા ખેડૂત પોતે મોબાઈલમાં એપ ડાઉનલોડ કરી e-KYC કરી શકશે. સમયસર e-KYC પૂર્ણ નહીં કરનાર લાભાર્થીને આગામી હપ્તાનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. ખેડૂતોને સમયસર e-KYC પૂર્ણ કરી લેવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે તલાટી, TDO અથવા મામલતદારનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ચલાલાની રક્ષાશક્તિ ગર્લ્સ સ્કૂલ ખાતે વાલી મીટિંગ યોજાઈ

ચલાલા,તા.૦૮



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ ખાતે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. સંત ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મીટિંગમાં મોટી સંખ્યામાં વાલીઓ પોતાની લાડકવાયી દીકરીઓને મળવા માટે ઉપસ્થિત રહ્યા હતા. વાલી મીટિંગને યાદગાર બનાવવા વાલીઓ પોતાની દીકરીઓને ભાવતું ઘરનું ભોજન સાથે લઈને આવ્યા હતા. શાળાના પરિસરમાં જ સૌએ સાથે મળીને વનભોજનનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે આનંદભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્ય અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# નાયબ મામલતદારની હડતાલથી સરકારી ભરતીમાં વિલંબ, વિદ્યાર્થીઓ પરેશાન

રાજુલા,તા.૦૮



રાજુલા સહિત ગુજરાતમાં નાયબ મામલતદારની હડતાલને કારણે સરકારી ભરતી માટે જરૂરી રહેઠાણ, આવક અને જાતિના દાખલા મેળવવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. આંગણવાડી ભરતીમાં OTP ન મળતા ઓનલાઈન ફોર્મ ભરવામાં પણ અડચણ ઊભી થઈ છે. રાજુલાના યુવા બ્રહ્મસમાજના જયેશ દવે દ્વારા અગ્ર સચિવ જયંતિ રવિ તથા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી ભરતીની મુદત લંબાવવા માંગ કરવામાં આવી છે.

# અમરેલીની કમાણી સાયન્સ કોલેજના બે યુવાનોની હિંમતભરી ઉડાન, DG it Pointની શરૂઆત

અમરેલી,તા.૦૮




કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજના BCA વિભાગના પૂર્વ વિદ્યાર્થીઓ પ્રિયાંશુ અશ્વિનભાઈ ગજેરા અને કરણ મુન્નાભાઈ ગમારા તેમજ તેમના મિત્ર ધ્રુમિલ અશ્વિનભાઈ ધાનાણી દ્વારા "DG it Point" નામની IT કંપનીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કંપની દ્વારા વેબ ડેવલપમેન્ટ, મોબાઈલ એપ, કસ્ટમ સોફ્ટવેર, AI, ઓટોમેશન, ડિજિટલ પ્રોડક્ટ્સ, ક્લાઉડ અને API સોલ્યુશન્સ જેવી સેવાઓ અપાશે. ત્રણેય યુવાનો અમરેલીથી અમદાવાદ અને દેશ-વિદેશ સુધી ઓળખ બનાવવાનો સંકલ્પ ધરાવે છે. સાથે જ દીકરીઓને IT, કોડિંગ અને ડિજિટલ ક્ષેત્રે તકો આપવાનો પ્રયાસ પણ કરાશે.કોલેજના પ્રોફેસરો તથા સમગ્ર પરિવાર દ્વારા યુવાનોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# રાજુલા પોલીસે ગુમ થયેલ બે મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત સોંપ્યા

રાજુલા,તા.૦૮



રાજુલા પોલીસ દ્વારા ગુમ થયેલી મિલકત શોધી કાઢવાની સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત બે મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. ભાવનગર રેન્જ આઈ.જી. આઈ.વી. અસારી અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના મુજબ ચાલતી કામગીરીમાં રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા તથા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની આગેવાની હેઠળ પોલીસે CEIR પોર્ટલની મદદ લીધી હતી. જેમાં રાજુલા ટાઉનમાંથી ગુમ થયેલ રીબડીયા મૌલિકભાઈનો રૂ. ૨૯ હજારનો વિવો મોબાઈલ તેમજ વાવેરા ગામે દર્શન કરવા જતા ગુમ થયેલ દુષ્યંતભાઈ ભટ્ટનો રૂ. ૨૧ હજારનો વિવો મોબાઈલ શોધી કાઢવામાં આવ્યો હતો. પોલીસે કુલ રૂ. ૫૦ હજારની કિંમતના બંને મોબાઈલ મૂળ માલિકોને પરત આપી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કર્યો હતો.

# પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરના અવસાનથી બાબરા પંથકમાં ઘેરો શોક

બાબરા તા.૦૮



અમરેલી જિલ્લાના પીઢ કોંગ્રેસ આગેવાન, પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ સાંસદ વિરજીભાઈ કેશવભાઈ ઠુંમરના દુઃખદ અવસાનથી બાબરા પંથક સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં શોકની લાગણી પ્રસરી છે. તેમના નિધનથી જાહેરજીવન, રાજકીય ક્ષેત્ર તથા કોંગ્રેસ પરિવારમાં મોટી ખોટ પડી છે. વિરજીભાઈ ઠુંમરે બાબરા વિસ્તારના લોકપ્રતિનિધિ તરીકે લાંબા સમય સુધી સેવા આપી હતી. વર્ષ ૧૯૯૦ અને ૧૯૯૫માં બાબરા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૦૪માં અમરેલી લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજય મેળવી સાંસદ બન્યા હતા. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન તેમણે લાઠી-બાબરા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખેડૂતો, સહકારી ક્ષેત્ર અને સ્થાનિક પ્રશ્નો માટે સક્રિય રહેલા વિરજીભાઈ ઠુંમરે જાહેરજીવનમાં આગવી છાપ છોડી હતી. તેમના અવસાનથી કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો અને શુભેચ્છકોમાં શોકની લાગણી વ્યાપી છે. બાબરા પંથકના લોકો તેમની સેવાઓને હંમેશાં યાદ રાખશે. તેમના આત્માને શાંતિ મળે અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના.









# વડિયા ગ્રામ પંચાયતમાં ડુપ્લિકેટ સિક્કા અને બનાવટી વેરા પહોંચનું કૌભાંડ

વડિયા,તા.૦૮

વડિયા ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રીના કથિત ડુપ્લિકેટ સિક્કા બનાવી બનાવટી વેરાની પહોંચ તૈયાર કરવાના મામલે સરપંચ મનીષ ઢોલરિયા અને તલાટી-કમ-મંત્રીએ વડિયા પોલીસમાં લેખિત ફરિયાદ કરી છે. ફરિયાદ મુજબ સદગુરુનગરના મુકેશભાઈ ગોવિંદભાઈ સોલંકીએ ગ્રામ પંચાયતના નામે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ની રૂ.૨,૯૯૦ની વેરા પહોંચ બનાવી તેમાં ડુપ્લિકેટ સિક્કા અને સહીનો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ છે. આ પહોંચના આધારે લોન લેવામાં આવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. બનાવટી પહોંચ ગ્રામ પંચાયતને મળતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ડુપ્લિકેટ સિક્કા ત્રણ વર્ષથી વધુ સમય અગાઉ બનાવાયા હોવાથી તેનો અન્ય કામોમાં ઉપયોગ થયો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. સમગ્ર મામલે તટસ્થ તપાસ થાય તો સિક્કા અને પહોંચ કોણે બનાવી, ક્યાં બનાવી અને અન્યત્ર તેનો ઉપયોગ થયો કે કેમ તે અંગે વધુ વિગતો બહાર આવી શકે છે.



# નાના ગોખરવાળા ગામે નિઃશુલ્ક હેલ્થ કેમ્પમાં ૯૦ લોકોની તપાસ કરાઈ

અમરેલી,તા.૦૮

અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામે તા. ૦૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ હેલ્થ કેમ્પ યોજાયો હતો. જેમાં વાકિયા PHCના એમ.ઓ. કિરણબેન શેલડીયા, CHO સોનલબેન માંગરોળીયા, MPHW હિરેનભાઈ રોકડ, FHW તબસુમબેન ભટ્ટી અને આંગણવાડી વર્કર ગીતાબેન ઠાકર સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. HCTCના કાઉન્સેલર રાણવાભાઈ, SSKના PM ઘનશ્યામભાઈ તથા LWSના CLW મૌલિકભાઈ, ZS પ્રિતીબેન અને વૈભવીબેન ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં કુલ ૯૦ ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા, જેમાં HIV, RPR, STI, સિફિલિસ અને હિપેટાઈટિસ-Bના ટેસ્ટનો સમાવેશ થાય છે. HRG, માઈગ્રન્ટ અને ટ્રાન્સપોર્ટ વર્કર સહિતના લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. ઉપસ્થિત લોકોને HIV/AIDS, STI અને હિપેટાઈટિસ અંગે માહિતી આપી HIV/AIDS Act-૨૦૧૭ તેમજ હેલ્પલાઈન નંબર ૧૦૯૭ વિશે જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત સરકારની વિવિધ સહાય યોજનાઓની માહિતી પણ આપવામાં આવી હતી.



# ગોઢાવદરમાં જટકા મશીનની બેટરીની ચોરી

લીલીયા,તા.૦૮

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ખેડૂત પરેશભાઈ શંભુભાઈ ગજેરાની વાડીમાંથી જટકા મશીનની બેટરી ચોરી થયાના સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે અજાણ્યા શખ્સો વાડીમાં પ્રવેશ કરી જટકા મશીનની બેટરી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવને પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સમયથી વાડી વિસ્તારોમાં ચોરીના બનાવો વધી રહ્યા હોવાનું જાણવા મળે છે. આશરે ૧૫ દિવસ અગાઉ પણ દેવચંદભાઈ સખીયાની વાડીમાં ચોરીનો બનાવ બન્યો હતો. ત્યારબાદ હવે ફરી ચોરી થતાં ખેડૂતોમાં રોષ ફેલાયો છે. ખેડૂતોનું કહેવું છે કે ચોરી ગયેલી વસ્તુઓ પરત મળતી નથી, જેથી આવા બનાવો અટકાવવા પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે.

# બગસરાની મેઘાણી સ્કૂલ ખાતે SGFI રમતગમત સ્પર્ધાના વિજેતાઓનો સન્માન સમારોહ યોજાયો

બગસરા,તા.૦૮

બગસરા સ્થિત મેઘાણી સ્કૂલ ખાતે રાજ્યકક્ષાની એસ.જી.એફ. આઈ. (SGFI) રમતગમત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા અને વિસ્તારનું નામ રોશન કરનાર છ ખેલાડીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં મકવાણા પરીતા, ખૂંટ ગોપી, સતાસીયા વિશ્વા, સોલંકી માનવી, મીટાળીયા તન્વી અને કુણપરા તન્વીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ મનોજભાઈ મહિડા, મેઘાણી સ્કૂલના આચાર્ય વિનોદભાઈ જેઠવા, શાળા નંબર ૪ના આચાર્ય દર્શનભાઈ ઠાકર તથા વોલીબોલ કોચ મનીષભાઈ કુકવાવા ઉપસ્થિત રહ્યા હતા. બગસરા તાલુકાના ખેલ સહાયકોએ પણ હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મહાનુભાવોના હસ્તે ખેલાડીઓને સન્માન પત્ર અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતા. અંતે ખેલાડીઓ ભવિષ્યમાં પણ રમતગમત ક્ષેત્રે વધુ સિદ્ધિઓ મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



તસવીર : હાર્દિક બામટા

# દહીંથરા પ્રાથમિક શાળામાં પોષણ માસની ઉજવણી કરાઈ

દામનગર,તા.૦૮

દામનગરના દહીંથરા પ્રાથમિક શાળા ખાતે પી.એમ. પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. પી. એમ. પોષણ યોજના સંચાલક, શાળા પરિવાર, વાલીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વિવિધ આહાર ઘટકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કઠોળ, અનાજ, શાકભાજી તથા ફળોમાંથી મળતા પોષક તત્વો અને તેના મહત્વ અંગે વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આચાર્ય દેવીલાલ, લલિતાબેન ગંગલ, નમ્રતાબેન ગઢાતરા, સોનલબેન મહેતા, જલ્પાબેન, અરવિંદભાઈ, વિનુભાઈ જયપાલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.








# જન્મદિને સરપંચની ગામને અનોખી ભેટ, થોરડી ગામ સ્ટ્રીટલાઈટથી ઝળહળ્યું

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા તાલુકાના થોરડી ગ્રામ પંચાયતના સરપંચ વિપુલભાઈ બરવાળીયાએ જન્મદિન નિમિત્તે પોતાના ખર્ચે ગામમાં સ્ટ્રીટલાઈટ લગાવી અનોખી ભેટ આપી છે. ગામમાં પ્રથમ વખત ઓટો સેન્સર આધારિત સ્ટ્રીટલાઈટ સિસ્ટમનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે. સાંજે અંધારું થતાં લાઈટ આપમેળે ચાલુ અને સવારે અજવાળું થતાં બંધ થઈ જાય છે. આ વ્યવસ્થાથી વીજળીનો બિનજરૂરી વપરાશ અટકશે અને માનવશ્રમમાં ઘટાડો થશે. ગામના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પ્રકાશિત થતાં ગ્રામજનોને રાત્રે અવરજવરમાં સુવિધા મળશે. ગ્રામજનોએ સરપંચની આ પહેલને આવકારી છે.

# સા.કુંડલા ગૌશાળાને ૨૧૦ મણ સીંગનો પાલો દાનમાં મળ્યો

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા શહેરમાં શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સંચાલિત શ્રી વિઠ્ઠલેશ ગૌશાળા ખાતે આંબરડી ગામના ગૌપ્રેમી રમેશભાઈ ગીરધરભાઈ માલાણી દ્વારા ગૌમાતાઓ માટે ૨૧૦ મણ સીંગનો પાલો દાનમાં આપવામાં આવ્યો હતો. અંદાજે રૂ. ૫૦ હજારની કિંમતનો આ પાલો ગૌમાતાઓના આહાર માટે ઉપયોગી બનશે. આ ઉમદા સહયોગ બદલ ટ્રસ્ટ તથા ગૌશાળા પરિવાર દ્વારા રમેશભાઈ માલાણીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગૌશાળામાં હાલમાં લીલા અને સૂકા સીંગના પાલા તેમજ જુવારની કડબની જરૂરિયાત હોવાથી ધર્મપ્રેમી અને ગૌપ્રેમી લોકોને શક્ય તેટલો ઘાસચારો સહયોગ આપવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરાઈ હતી.






# અમરેલીમાં કાયમી વિપશ્યના ધ્યાન કેન્દ્રના નિર્માણનું ભગીરથ આયોજન

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષથી વિપશ્યના ધ્યાનનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે. હાલમાં સ્થાનિક સ્તરે નિયમિત સામૂહિક સાધના તથા એકદિવસીય શિબિરોનું આયોજન કરવામાં આવે છે. અમરેલી વિસ્તારના આશરે ૬૦૦થી ૭૦૦ સાધકો સ્થાનિક જીપ્સી કેમ્પ તેમજ દેશભરના કાયમી કેન્દ્રોમાં વિપશ્યના સાધના કરી ચૂક્યા છે. કેટલાક સાધકોએ ગંભીર લોંગકોર્સ પણ પૂર્ણ કર્યા છે. અમરેલીમાં કાયમી વિપશ્યના કેન્દ્ર સ્થાપવા માટે શહેરની દોડધામથી દૂર પ્રકૃતિના ખોળે યોગ્ય જમીનની શોધખોળ ચાલી રહી છે. કેન્દ્ર બનવાથી સાધકોને દસ દિવસીય શિબિરો માટે મોટી સુવિધા મળશે. આ ભગીરથ કાર્યમાં સુરત સહિતના જૂના સાધકો સહભાગી બની પોતાની પારમિતા પુષ્ટ કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. વિશેષ માહિતી માટે દ્વારકાદાસ લલાડીયાનો ૯૪૨૬૨૩૧૪૪૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.






## અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.અમરેલી

### ચુંટણી અંગેનું જાહેરનામુ નં.(૨) સનેઃ-૨૦૨૬

આથી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.અમરેલી- શિક્ષક સભાસદ ભાઈ-બહેનોને જણાવવાનું જે સનેઃ- ૨૦૨૬ થી સનેઃ-૨૦૩૧ સુધી પાંચ વર્ષ માટેની આ સંસ્થાના પ્રમુખ તથા કારોબારી સભ્યો માટેની સામાન્ય ચુંટણી નીચે જણાવેલ તારીખ સમય અને સ્થળે યોજવાની થાય છે. જેમની સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે.

- **મતદાનની તારીખઃ- ૨૫-૧૦-૨૦૨૬**
- **સ્થળઃ-ઓકસફોર્ડ સ્કુલ ઓફ સાયન્સ, અમરેલી**
- **સમયઃ- સવારે ૮:૦૦ કલાકથી સાંજના ૧૭:૦૦ કલાક**

### -::ચુંટણી અંગેનો કાર્યક્રમ::-

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | પ્રથમ મતદાર યાદી અને ખાલી પડેલ જગ્યાની યાદીની પ્રસિધ્ધિ | ૧૦/૧૦/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ કલાકે. |
| ૨ | મતદાર યાદી ઉપર વાંધાઓ રજુ કરવાની છેલ્લી તારીખ | ૧૧/૧૦/૨૦૨૬ | સાંજે ૧૭:૦૦ કલાક સુધી. |
| ૩ | આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૨/૧૦/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ કલાકે. |
| ૪ | ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | ૧૪/૧૦/૨૦૨૬ | સાંજે ૧૭:૦૦ કલાક સુધી. |
| ૫ | ઉમેદવારી પત્રો ચકાસવા અને તેના પર વાંધો લેવાની તારીખ | ૧૫/૧૦/૨૦૨૬ | સાંજે ૧૭:૦૦ કલાક સુધી. |
| ૬ | ઉમેદવારી પત્રો પરત ખેંચવાની તારીખ અને સમય | ૧૬/૧૦/૨૦૨૬ | ઓફિસ સમય દરમ્યાન |
| ૭ | મંજુર થયેલ ઉમેદવારી પત્રો પ્રસિધ્ધ કરવાની તારીખ | ૧૭/૧૦/૨૦૨૬ | સવારે ૧૦:૦૦ કલાકે. |
| ૮ | મતદાનની તારીખ અને સમય | ૨૫/૧૦/૨૦૨૬ | સવારે ૮:૦૦ કલાકથી સાંજના ૧૭:૦૦ કલાક |
| ૯ | મતગણતરીની તારીખ અને સમય | ૨૫/૧૦/૨૦૨૬ | મતદાન પૂર્ણ થયા બાદ |
| ૧૦ | પરીણામ જાહેર કરવાની તારીખ અને સમય | ૨૫/૧૦/૨૦૨૬ | મતગણતરી પૂર્ણ થયા બાદ |

**નોંધ :-**

૧. જેઓને મંડળીના સભ્યપદે ત્રણ વર્ષથી ઓછો સમયગાળો થયો હોય તેવા કોઈપણ સભાસદ કોઈપણ પદ માટે ઉમેદવારી કરી શકશે નહિ.
૨. મંડળીએ નિયત કરેલ ફોર્મમાં જ ઉમેદવારી ફોર્મ ભરવાનું રહેશે. જે મંડળીની ઓફિસેથી રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ તથા બપોરે ૦૩:૩૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન મેળવી લેવુ.
૩. જે સભાસદ ભાઈ-બહેનો ને ઉમેદવારી કરવાની હોય તેમણે પોતાએ રૂબરુ આવવાનું રહેશે. અન્ય કોઈ પ્રતિનિધિને ઉમેદવારી ફોર્મ આપવામાં આવશે નહિ.
૪. ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમયપૂર્ણ થયા બાદ ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
૫. કારોબારી સભ્યપદ માટેની ઉમેદવારી પોતાના નોકરીનાં તાલુકામાંથી જ કરી શકાશે. અન્ય તાલુકામાંથી ઉમેદવારી કરી શકાશે નહિ.
૬. ચુંટણીમાં સહકારી કાયદા મુજબના, બંધારણ મુજબના, હાલ અને અગાઉની વ્ય.કમિટી અને સાધારણ સભાના ઠરાવ મુજબના તમામ અન્ય નિયમો લાગુ રહેશે.
૭. ચુંટણીના નિયમો, ખાલી જગ્યાની વિગત, મતદાર યાદી વગેરે તમામ બાબતો મંડળીની વેબ સાઈડ, મંડળીની એપ્લિકેશન, મંડળીના નોટિસ બોર્ડ ઉપર તાઃ-૧૦/૧૦/૨૦૨૬ થી જોવા મળશે. એપ્લિકેશન અપડેટ કરવી.

**ચુંટણી અધિકારીશ્રી**
અમરેલી જિલ્લા પ્રા. શિ. શ. સ. મંડળી

# અમરેલી કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં માર્ગ અકસ્માતો નિવારવા વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ નેશનલ હાઈવે પરના અનધિકૃત મીડિયન કટ, પાર્કિંગ અને દબાણો દૂર કરવા સઘન ડ્રાઈવ યોજવા સૂચના આપી હતી. અમરેલી બાયપાસ પરના દબાણો દૂર કરવા પણ સંબંધિત સત્તાવાળાઓને જણાવાયું હતું. આર.ટી.ઓ. અને ટ્રાફિક પોલીસને ઓવર સ્પીડ, હેલ્મેટ વિના વાહનચાલન, ઓવરલોડિંગ, PUC-વીમા વગરના વાહનો, અનધિકૃત LED લાઈટ અને નંબર પ્લેટ વિનાના વાહનો સામે સઘન ચેકિંગ કરવા સૂચના અપાઈ હતી. કૃષિ વાહનોમાં રેડિયમ રિફ્લેક્ટર ફરજિયાત રાખવા જણાવાયું હતું. રસ્તાની કામગીરી દરમિયાન યોગ્ય ડાયવર્ઝન બોર્ડ, થર્મોપ્લાસ્ટિક પટ્ટા અને કેટ-આઈ લગાવવા તથા હાઈવે વૃક્ષોનું ટ્રીમીંગ કરવા પણ સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં એસ.પી. સંજય ખરાત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




# દડવા રાંદલ મંદિર પરિસરમાં ફૂડ લાયસન્સ-રજીસ્ટ્રેશન કેમ્પમાં ૧૨ વેપારીઓને સ્થળ પર સર્ટિફિકેટ અપાયા

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લા કલેક્ટરની સૂચના અનુસાર યાત્રાધામોની આસપાસ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા વેપારીઓની તપાસના અનુસંધાને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કુંકાવાવ-વડીયા તાલુકાના દડવા (રાં) ગામે આવેલા પ્રસિધ્ધ દડવા રાંદલ મંદિર પરિસરમાં તા. ૬ ઓક્ટોબરના રોજ ફૂડ લાયસન્સ અને રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ખાદ્ય પદાર્થોના વેચાણ સાથે સંકળાયેલા વેપારીઓને ધંધાના સ્થળે સ્વચ્છતા જાળવવા તથા હાઈજેનિક કન્ડિશનનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. તેમજ ખાદ્ય સામગ્રી પેકિંગ કે સંગ્રહ માટે ન્યૂઝ પેપરનો ઉપયોગ ન કરવા અને તેનાથી આરોગ્યને થતી અસરો અંગે માર્ગદર્શન અપાયું હતું. કેમ્પ દરમિયાન સ્થળ પર જ ૧૨ જેટલા ફૂડ બિઝનેસ ઓપરેટર્સને જરૂરી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.




# રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં 'સાહિત્ય કુંજ'ની પાંચમી બેઠક યોજાઈ

રાજુલા,તા.૦૮

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં 'સાહિત્ય કુંજ'ની પાંચમી બેઠક યોજાઈ હતી. 'નારી સ્વયંસિધ્ધ, સ્વયં રક્ષિકા' વિષય પર યોજાયેલી સાહિત્યસભામાં નારીશક્તિ અને ગુજરાતી સાહિત્યની વાત કરવામાં આવી હતી. નાટ્યકૃતિઓ રજૂ કરાઈ હતી અને મહિલા સર્જકોને યાદ કરી ઈલાબેન આરબને શબ્દ શ્રધ્ધાંજલિ અપાઈ હતી. મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.




# રાજુલા પોલીસે ૧૭૦ CCTV ફૂટેજ તપાસી રૂ.૧.૧૭ લાખનો સોનાનો ચેન પરત કર્યો

રાજુલા, તા.૦૮

રાજુલામાં કરિયાણાની દુકાનેથી ચોરી થયેલો રૂ.૧.૧૭ લાખની કિંમતનો સોનાનો ચેન રાજુલા પોલીસે ઝડપી તપાસ હાથ ધરી મૂળ માલિકને પરત કર્યો હતો. તા.૧૬ જૂન, ૨૦૨૬ના રોજ ચતુરાબેન વાઘમશી રાજાણી કરિયાણાની દુકાને ગયા હતા ત્યારે બે અજાણી મહિલાઓ અને એક પુરુષે નજર ચૂકવી તેમના ગળામાંથી ૩૫.૬૩૦ ગ્રામ વજનનો સોનાનો ચેન ચોરી લીધો હતો. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે રાજુલા શહેરના આશરે ૧૭૦ CCTV કેમેરા તેમજ વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળના કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ટેકનિકલ માહિતીના આધારે આરોપીઓની ઓળખ કરી તેઓ રાજકોટ તરફ જતા હતા ત્યારે ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ચોરીનો સોનાનો ચેન ૧૦૦ ટકા રિકવર કરી મૂળ માલિકને પરત આપી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને સાર્થક કર્યો હતો.



# જિલ્લામાં ૪ મહિલા સહિત ૧૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો

**પોલીસ દ્વારા કુલ ૭૦ લિટર દેશી દારૂ જપ્ત**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં ૪ મહિલા સહિત ૧૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. પોલીસ દ્વારા કુલ ૭૦ લિટર દેશી દારૂ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા મળી આવ્યા હતા.

જ્યારે ખાંભાના ઓઢાબાપુના સમઢિયાળા ગામે બસ સ્ટેન્ડ પાસેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો એક ચપટો ઝડપાયો હતો.

# સા.કુંડલા તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ-૨૦૨૬'માં વંડાની હાઈસ્કૂલનું શ્રેષ્ઠ પ્રદર્શન

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાના વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલા તાલુકા કક્ષાના 'ખેલ મહાકુંભ ૨૦૨૬'માં અદભુત પ્રદર્શન કરીને શાળા અને ગામનું નામ સમગ્ર તાલુકામાં રોશન કર્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ વોલીબોલ અને એથ્લેટિક્સ જેવી રમતોમાં પોતાનું ઉત્કૃષ્ટ કૌવત ઝળકાવીને અનેક ઈનામો અને અઢળક રોકડ પુરસ્કારો જીતી લીધા હતા. વોલીબોલમાં અંડર-૧૭ (બહેનો)ની ટીમે દ્વિતીય ક્રમ, ઓપન એજ ગ્રુપ (બહેનો)ની ટીમે પ્રથમ ક્રમ અને ઓપન એજ ગ્રુપ (ભાઈઓ)ની ટીમે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. એથ્લેટિક્સમાં ભાઈઓના અંડર-૧૭ ગ્રુપમાં: ખસિયા યતિને ઊંચી કૂદમાં દ્વિતીય, લોલડીયા ભીમે બરછીફેંક અને ૧૫૦૦ મીટર દોડ બંનેમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે.

મકવાણા આકાશે ઊંચી કૂદમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય, બાંભણીયા ઉત્સવે ઊંચી કૂદમાં દ્વિતીય અને લાંબી કૂદમાં તૃતીય, વાળસૂર સુમિતે ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય તેમજ સરવૈયા ભાર્ગવે ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવ્યો છે. બાંભણીયા નિરાલીએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, મેવાડા ઉર્વશીએ ઊંચી કૂદમાં દ્વિતીય અને ખેરાળા ધારાએ લાંબી કૂદમાં તૃતીય ક્રમ મેળવ્યો છે.

આંકોલિયા ઋચિકાએ લંગડી ફાળકૂદમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ, મેર કુંજલે ઊંચી કૂદમાં તૃતીય તથા રાઠોડ ધ્રુવીએ ગોળાફેંકમાં ચોથો ક્રમ મેળવ્યો છે. ઓપન એજ ગ્રુપઃ ધાખડા કિરણે ૨૦૦ મીટર દોડમાં પ્રથમ અને લાંબી કૂદમાં દ્વિતીય ક્રમ મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ બદલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી મનજીબાપા તળાવિયા અને આચાર્ય સંજયભાઈ ચૌહાણે તમામ વિજેતા ખેલાડીઓ તથા પી.ટી. શિક્ષકને અભિનંદન પાઠવ્યા હતા.



# ચરખા સ્થિત જમનાબેન હરજીભાઈ રાદડિયા શૈક્ષણિક સંકૂલમાં ૭૨મા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

બાબરા,તા.૦૮

બાબરા તાલુકાના ચરખા ગામે જમનાબેન હરજીભાઈ રાદડિયા શૈક્ષણિક સંકૂલ ખાતે ૭૨મા વન્ય પ્રાણી સપ્તાહ-મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન વિષય પર ચિત્ર, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજી વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરાયા હતા. વાઈલ્ડ લાઈફ આર્ટીસ્ટ સુરેશભાઈ નાકરાણીના ચિત્ર પ્રદર્શનનો વિદ્યાર્થીઓ અને સ્થાનિકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે અધ્યક્ષ એસીએફ રાજન જાદવ, આરએફઓ વાળા, ગીર ફાઉન્ડેશનના પાંભર તેમજ શાળાના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ માનવ અને વન્યજીવ સહ-અસ્તિત્વ જાળવવા તથા ધાર્મિક-સાંસ્કૃતિક પરંપરાઓ થકી જનજાગૃતિ ફેલાવવા પર ભાર મૂક્યો હતો. સંજયભાઈ વસાણીના આયોજન અને ઉદયભાઈ દેસાઈના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમ બદલ ટ્રસ્ટી ભરતભાઈ રાદડીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ચૌદસ
તા.૦૯-૧૦-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૮,
સૂર્યાસ્ત-૦૫:૫૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૦૯-૧૦-૨૦૨૬ શુક્રવાર**

મેષઃ જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભઃ આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુનઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્કઃ અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહઃ કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યાઃ તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલાઃ ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિકઃ વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધનઃ વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકરઃ લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભઃ ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીનઃ તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

# વિજપડી ગામે હાડીડા રોડ પર બસ સાઈડમાં ઊતરી જતા છ મુસાફરોને ઈજા

સાવરકુંડલા, તા. ૦૮

સાવરકુંડલાના વિજપડી ગામે હાડીડા રોડ પર અચાનક ઢોર નીકળતાં એસ.ટી. બસના ચાલકે બ્રેક મારતાં બસ સાઈડમાં ઊતરી ગઈ હતી. જેમાં પાંચથી છ પેસેન્જરને સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે મેહુલભાઈ રામજીભાઈ લાધવા (ઉં.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, મહુવા ડેપોની મહુવા - જામનગર રૂટ વાળી એસ.ટી. બસ જામનગરથી પરત મહુવા મુકામે પેસેન્જરોને બેસાડીને આવી રહી હતી.

તે દરમિયાન તા. ૦૬/૧૦/૨૦૨૬ના રાત્રિના અગિયારેક વાગ્યાના સમયે રસ્તામાં વિજપડી ગામેથી એકાદ કિ.મી. દૂર હાડીડા જતા રસ્તા પર અચાનક રખડતું ઢોર નીકળતાં બસ પર કાબૂ મેળવવા સારું બસના ડ્રાઈવરે બ્રેક મારતાં બસ રોડની સાઈડમાં ઊતરી ગઈ હતી. જેના લીધે બસમાં બેસેલા કુલ ૨૧ પેસેન્જરોમાંથી પાંચ-છ પેસેન્જરોને સામાન્ય ઈજા થઈ હતી અને બસમાં આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ જેટલું નુકસાન થયું હતું.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

**બસમાં આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ જેટલું નુકસાન થયું**

# અમરેલીમાં યુવકની ડોક પકડી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૦૮

અમરેલીમાં યુવકની ડોક પકડી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે રવિભાઈ રાજાભાઈ ગૌતમે અમિત યાદવ તથા તેની સાથે રહેલા બે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ દવા લઈને પરત આવતા હતા તે દરમિયાન અમિત યાદવના પિતા તેમના વતનમાં હતા ત્યારે તેમનું ઝૂંપડું સળગાવી દીધું હતું. જેથી તેમના પરિવાર તથા અમિત યાદવના પિતા વચ્ચે બોલાચાલી થઈ હતી. તે વાતનું મનદુઃખ રાખી અમિત યાદવે તેમને પાછળથી ડોક પકડીને માર મારવા લાગ્યો હતો. અજાણ્યા બે આરોપીઓએ પણ તેમને શરીરે આડેધડ ઢીંકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસ.સી. એસ.ટી. સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ઊંટિયા ગામે મોટરસાઈકલ સામસામે આવી જવા મુદ્દે સામસામે ફરિયાદ

રાજુલા,તા.૦૮

રાજુલાના ઊંટિયા ગામે મોટરસાઈકલ સામસામે આવી જવા મુદ્દે સામસામે ફરિયાદ નોંધાઈ હતી. અમિતભાઈ હિંમતભાઈ પરમાર (ઉં.વ.૨૦)એ કરણભાઈ જીતુભાઈ પરમાર, નિતિનભાઈ ઉર્ફે ભોલું જીતુભાઈ પરમાર તથા સુનિલભાઈ ભાણાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પાંચેક દિવસ પહેલાં તેમની તથા કરણભાઈ જીતુભાઈ પરમારની મોટરસાઈકલ સામસામે આવી ગઈ હતી, જે અંગે બોલાચાલી થઈ હતી. તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને ગાળો બોલી મૂંઢ માર માર્યો હતો.સામપક્ષે, સુનિલભાઈ ભાણાભાઈ પરમાર (ઉં.વ.૨૨)એ અમિતભાઈ હિંમતભાઈ પરમાર, વિક્રમભાઈ હિંમતભાઈ પરમાર તથા સંજયભાઈ હિંમતભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પાંચેક દિવસ પહેલાં મોટરસાઈકલ સામસામે આવી ગઈ તે સમયે બોલાચાલી થઈ હતી, જેનું મનદુઃખ રાખી આરોપીઓએ ગાળો બોલી મૂંઢ માર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એમ. કે. પીછડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં રહેતી મહિલાને લગ્નના બે મહિનામાં જ પતિએ પત્નીને ગાળો બોલી ઢીંકાપાટુ માર્યા

**વલ્લભીપુરના વેળાવદરમાં રહેતા પતિ-સાસુ સામે ફરિયાદ**

બાબરા, તા.૦૮

હાલ બાબરામાં રહેતી પરિણીતાએ વલ્લભીપુરના વેળાવદરમાં રહેતા પતિ-સાસુ સામે ફરિયાદ નોંધાવી હતી. તસ્લીમબેન મહેબુબખાં ભોજવાણી (ઉં.વ.૨૩)એ વલ્લભીપુરના વેળાવદરમાં રહેતા પતિ સોહીલખાન સિકંદરખાન બ્લોચ તથા સાસુ બાનુબેન સિકંદરખાન બ્લોચ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ લગ્ન પછી તેઓ પોતાના સાસરિયામાં સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. લગ્નના બે મહિના પછી સાસુ અને પતિ નાની નાની બાબતોમાં દુઃખ-ત્રાસ આપતા હતા. સાસુ પોતાના પુત્ર (પતિ)ને તેમની વિરુદ્ધ ચડામણી કરતા હતા તથા અવારનવાર ગાળો આપી મારપીટ કરતા હતા. સાસુએ ગાળો આપી હતી તેમજ પતિએ ઢીંકાપાટુનો માર મારી અવારનવાર શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# વિકસિત ભારતનો સંકલ્પ

આજનું ભારત વિકાસના નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વૈશ્વિક મંચ પર દેશની ભૂમિકા સતત વિસ્તરી રહી છે. આઝાદીના અમૃતકાળમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ માત્ર આર્થિક પ્રગતિ પૂરતો સીમિત નથી, પરંતુ દેશના દરેક નાગરિકને સમાન તક, સન્માનજનક જીવન, ગુણવત્તાયુક્ત શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સુરક્ષિત ભવિષ્ય મળે તે સાથે જોડાયેલો છે. વિકસિત ભારત માટે મજબૂત અર્થવ્યવસ્થા સૌથી મહત્વપૂર્ણ આધાર છે. ઉદ્યોગ, વેપાર, કૃષિ અને સેવા ક્ષેત્રનો સંતુલિત વિકાસ જરૂરી છે. નવા ઉદ્યોગો તથા નાના-મધ્યમ વ્યવસાયોને પ્રોત્સાહન આપવાથી રોજગારીની તકો વધશે. ભારતની યુવા શક્તિ દેશની સૌથી મોટી મૂડી છે. યુવાનોને આધુનિક કૌશલ્ય, તાલીમ અને યોગ્ય તકો મળે તો તેઓ દેશના આર્થિક પરિવર્તનનું મોટું બળ બની શકે છે. ગામડાંના વિકાસ વિના વિકસિત ભારતની કલ્પના અધૂરી છે. ખેડૂતની સમૃદ્ધિ રાષ્ટ્રની સમૃદ્ધિ સાથે જોડાયેલી છે. આધુનિક ખેતી, સિંચાઈ, પાક સંગ્રહ, ખાદ્ય પ્રક્રિયા અને બજાર વ્યવસ્થાને મજબૂત બનાવવાની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં સારા રસ્તા, વીજળી, શુધ્ધ પાણી, આરોગ્ય સેવાઓ અને ડિજિટલ જોડાણ ઉપલબ્ધ કરાવવું જરૂરી છે. શિક્ષણ અને આરોગ્ય પણ વિકસિત રાષ્ટ્રના પાયાના સ્તંભો છે. દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે કૌશલ્ય આધારિત અને વ્યવહારુ જ્ઞાન મળે તે જરૂરી છે. બીજી તરફ, સામાન્ય નાગરિકને ઓછા ખર્ચે સારી આરોગ્ય સેવા ગામડાં સુધી મળે અને સ્વચ્છતા, પોષણ તથા રોગપ્રતિકાર અંગે જાગૃતિ વધે તે પણ એટલું જ મહત્વનું છે. ડિજિટલ ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા વિકાસને નવી દિશા આપી રહ્યા છે. સરકારી સેવાઓ ઝડપી અને પારદર્શક બની રહી છે. જોકે ડિજિટલ સુવિધાઓનો લાભ દરેક વર્ગ સુધી પહોંચે અને સાયબર છેતરપિંડી સામે જાગૃતિ વધે તે જરૂરી છે. સાથે જ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું પડશે. સૌર તથા પવન ઊર્જા, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ અને સ્વચ્છ પરિવહન દ્વારા ટકાઉ વિકાસનો માર્ગ અપનાવવો પડશે. તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી વિકસિત ભારત સંકલ્પ સભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને 'વી વિલ ડૂ ઈટ'નો મંત્ર આપ્યો હતો. તેમણે ભારતને વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થામાં સ્થાન અપાવવું, આત્મનિર્ભરતા, વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરવું, ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું આયોજન અને અવકાશ ક્ષેત્રે નવી સિદ્ધિઓ હાંસલ કરવા જેવા સંકલ્પો રજૂ કર્યા હતા. છેલ્લા એક દાયકામાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. વિકસિત ભારત માત્ર સરકારની જવાબદારી નથી. ૧૪૦ કરોડ દેશવાસીઓની સામૂહિક ભાગીદારી, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રહિતની ભાવનાથી જ ૨૦૪૭નું લક્ષ્ય સાકાર થઈ શકે છે. સામૂહિક ઈચ્છાશક્તિ અને સતત પરિશ્રમ જ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો મજબૂત આધાર બનશે.

# પાકિસ્તાની સત્તાશાસકોની સત્તાયાત્રાનો અંત



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સત્તા માણસને શક્તિ આપે છે, પરંતુ સત્તા કાયમી નથી હોતી. જે વ્યક્તિ લાંબા સમય સુધી સત્તાના કેન્દ્રમાં રહે છે તેને સૌથી મોટો પ્રશ્ન એ રહે છે કે સત્તા છૂટી ગયા પછી તેનું શું થશે. પાકિસ્તાનના સૈન્ય શાસનના ઈતિહાસમાં આ પ્રશ્ન વારંવાર સામે આવ્યો છે. સૈન્યના બળે દેશની રાજનીતિ પર પ્રભુત્વ જમાવનાર અનેક શાસકોને અંતે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. કોઈને સત્તા છોડવી પડી, કોઈને દેશ છોડવો પડ્યો અને કોઈ સામે કાયદાકીય કાર્યવાહી થઈ. આ ઈતિહાસને ધ્યાનમાં રાખીએ તો આસિમ મુનીરના વર્તમાન સત્તાકેન્દ્રી કારણને લઈને પાકિસ્તાનમાં ચર્ચા થવી સ્વાભાવિક છે. આસિમ મુનીર પાકિસ્તાનના સેનાધ્યક્ષ તરીકે સત્તાના કેન્દ્રમાં છે. તાજેતરના કાયદાકીય ફેરફારોએ તેમની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે. પાકિસ્તાનની સરકાર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અને સંરક્ષણ સંબંધિત કાયદાઓમાં કરાયેલા ફેરફારોને સંસદે ઝડપથી મંજૂરી આપી હતી. આ પ્રક્રિયા અંગે વિપક્ષે વિરોધ નોંધાવ્યો હતો. સત્તાધારી ગઠબંધનના કેટલાક સાથીઓએ પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. છતાં કાયદાઓ પસાર થયા અને રાષ્ટ્રપતિની મંજૂરી પછી તે અમલમાં આવ્યા. આ ફેરફારોનો સૌથી મોટો પ્રભાવ પાકિસ્તાનના સૈન્યના સર્વોચ્ચ પદની સત્તા પર પડ્યો છે. અગાઉ કરવામાં આવેલા બંધારણીય ફેરફારો સાથે મળીને જોવામાં આવે તો સેનાધ્યક્ષનું સ્થાન વધુ શક્તિશાળી બન્યું છે. આસિમ મુનીરનો કાર્યકાળ વર્ષ ૨૦૩૦ સુધી રહે તેવી વ્યવસ્થા થઈ છે. તેમને ક્ષેત્ર માર્શલનો દરજ્જો મળ્યો છે અને સૈન્ય તથા રાજ્યની કેટલીક મહત્વની વ્યવસ્થાઓમાં તેમની ભૂમિકા વધુ વિસ્તરી છે. તેમની સામે કાયદાકીય કાર્યવાહીથી સુરક્ષા આપતી જોગવાઈઓ અંગે પણ પાકિસ્તાનમાં ચર્ચા ચાલી રહી છે. સૈન્યમાં અધિકારીઓની નિમણૂક, કાર્યકાળ અને નિવૃત્તિ સંબંધિત સત્તાઓ પણ મહત્વપૂર્ણ બની છે. આવી સત્તા કોઈ એક વ્યક્તિના હાથમાં વધુ પ્રમાણમાં કેન્દ્રિત થાય ત્યારે સૈન્યની આંતરિક વ્યવસ્થા પર તેની અસર થવાની શક્યતા રહે છે. વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક અને તેમની કારકિર્દી અંગે નિર્ણય લેવાની શક્તિ સેનાના સર્વોચ્ચ નેતૃત્વને વધુ પ્રભાવશાળી બનાવે છે. આ સ્થિતિમાં સૈન્યની અંદર પણ સત્તાનું સંતુલન કેવી રીતે જળવાશે તે મહત્વનો પ્રશ્ન બની શકે છે. પાકિસ્તાનનો ઈતિહાસ આ બાબતમાં અનેક ઉદાહરણો આપે છે. અયૂબ ખાન લાંબા સમય સુધી દેશના સૌથી શક્તિશાળી શાસક રહ્યા હતા. યાહ્યા ખાનના સમયમાં પાકિસ્તાને ૧૯૭૧નું યુધ્ધ જોયું અને ત્યાર પછી દેશના બે ભાગ થયા. ઝિયા ઉલ હક લાંબા સમય સુધી સત્તામાં રહ્યા, પરંતુ તેમનું શાસન પણ અંતે અચાનક સમાપ્ત થયું. પરવેઝ મુશર્રફે પણ સૈન્યના બળે સત્તા સંભાળી હતી. સમય જતાં તેમની સામે દેશદ્રોહનો કેસ ચાલ્યો અને જીવનના અંતિમ વર્ષોમાં તેમને દેશની બહાર રહેવું પડ્યું. આ ઈતિહાસ બતાવે છે કે સૈન્યની તાકાતથી સત્તા મેળવવી અને તેને લાંબા સમય સુધી જાળવી રાખવી બે અલગ બાબતો છે. સત્તા મેળવવા માટે જે સાધનો ઉપયોગી બને છે તે જ સાધનો પછી સત્તા બચાવવા માટે પૂરતા રહેતા નથી. રાજકીય પરિસ્થિતિ બદલાય છે. સૈન્યની અંદર નવી પેઢી આગળ આવે છે. આર્થિક સ્થિતિ બદલાય છે. જનતાની અપેક્ષાઓ બદલાય છે અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ પરિવર્તન આવે છે. તેથી કોઈ પણ શાસક માટે ભવિષ્યને સંપૂર્ણ રીતે પોતાના નિયંત્રણમાં રાખવું શક્ય નથી. પાકિસ્તાનની આર્થિક સ્થિતિ પણ સત્તાના પ્રશ્ન સાથે જોડાયેલી છે. લાંબા સમયથી દેશ આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો છે. વિદેશી દેવું, નબળી આર્થિક વૃદ્ધિ, મોંઘવારી અને વિદેશી મદદ પરની નિર્ભરતા જેવા પ્રશ્નો હજુ પણ પડકારરૂપ છે. બીજી તરફ આંતરિક સુરક્ષા પણ ગંભીર પ્રશ્ન છે. પશ્ચિમ સરહદી વિસ્તારોમાં આતંકવાદ અને બળવાખોરીના પડકારો પાકિસ્તાની સેનાની સામે છે. માત્ર ભારત સાથેના સંબંધોને કેન્દ્રમાં રાખવાથી દેશની તમામ સમસ્યાઓનું સમાધાન થઈ શકતું નથી. સાઉદી અરેબિયા સહિતના મિત્ર દેશો પાસેથી મળતી આર્થિક મદદ પાકિસ્તાન માટે મહત્વપૂર્ણ બની શકે છે, પરંતુ કોઈપણ દેશ અનંત સમય સુધી બીજા દેશની આર્થિક જવાબદારી ઉઠાવી શકતો નથી. વિદેશી સહાય તાત્કાલિક રાહત આપી શકે છે, પરંતુ લાંબા ગાળાનો ઉકેલ દેશની પોતાની આર્થિક ક્ષમતા વધારવામાં છે. રોજગાર, ઉદ્યોગ, શિક્ષણ, રોકાણ અને ઉત્પાદનક્ષમતા વધાર્યા વિના આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. આ પરિસ્થિતિમાં સૈન્યનું રાજકારણ પર વધતું પ્રભુત્વ વધુ એક પ્રશ્ન ઊભો કરે છે. પાકિસ્તાનમાં ચૂંટાયેલી સરકારો અને સૈન્ય વચ્ચે સત્તાનું સંતુલન લાંબા સમયથી ચર્ચાનો વિષય રહ્યું છે. જ્યારે સૈન્ય રાજકીય વ્યવસ્થામાં વધુ સીધી ભૂમિકા ભજવે છે ત્યારે લોકશાહી સંસ્થાઓ નબળી પડવાની શક્યતા રહે છે. બીજી તરફ સૈન્ય પોતાના માટે લાંબા ગાળાની કાયદાકીય સુરક્ષા ઊભી કરે તો સત્તાના પરિવર્તન સમયે વ્યવસ્થા કેવી રીતે બદલાશે તે પણ મહત્વનો પ્રશ્ન બને છે. આસિમ મુનીરની ઉંમર પણ ભવિષ્યની ચર્ચામાં મહત્વ ધરાવે છે. તેમનો વર્તમાન કાર્યકાળ વર્ષ ૨૦૩૦ સુધી ચાલવાનો છે. ત્યાર પછી તેઓ કઈ ભૂમિકા ભજવશે તે અંગે હાલમાં માત્ર અટકળો થઈ શકે છે. કોઈ વ્યક્તિ પોતાના ભવિષ્યનું કેટલુંય આયોજન કરે છતાં રાજકીય પરિસ્થિતિને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરી શકતી નથી. પાકિસ્તાનના ઈતિહાસમાં સત્તાના કેન્દ્રમાં રહેલા અનેક નેતાઓએ પોતાના ભવિષ્ય અંગે અલગ વિચાર કર્યો હતો, પરંતુ સમય જતાં પરિસ્થિતિ તેમની ધારણા પ્રમાણે રહી નહોતી. પાકિસ્તાનના પૂર્વ શાસકોના અનુભવોમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે સત્તા છોડ્યા પછીનું જીવન ઘણી વખત સત્તામાં રહેલા સમય કરતાં વધુ મુશ્કેલ બને છે. કોઈને કાયદાકીય પડકારોનો સામનો કરવો પડે છે, કોઈને દેશ છોડવો પડે છે અને કોઈનું જીવન અચાનક સમાપ્ત થાય છે. તેથી લાંબા સમય સુધી સત્તામાં રહેનાર દરેક શાસક માટે સૌથી મોટો પડકાર સત્તા મેળવવાનો નહીં પરંતુ સત્તામાંથી સન્માનપૂર્વક બહાર નીકળવાનો હોય છે. પરવેઝ મુશર્રફ સાથે જોડાયેલો એક પ્રસંગ આ સંદર્ભમાં યાદ આવે છે. એક આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનના સૈન્ય શાસકોના ભવિષ્ય અંગે કરવામાં આવેલા વિશ્લેષણનો તેમણે વિરોધ કર્યો હતો. તેમનું કહેવું હતું કે તેઓ પોતાને સરમુખત્યાર નહીં પરંતુ લોકશાહીવાદી માનતા હતા. આ પ્રસંગ એ વાત દર્શાવે છે કે સત્તામાં રહેલો શાસક પોતાના શાસનને કઈ રીતે જુએ છે અને બહારથી જોનાર વ્યક્તિ તેને કઈ રીતે જુએ છે તેમાં મોટો તફાવત હોઈ શકે છે. આસિમ મુનીરનું ભવિષ્ય શું હશે તે અંગે ચોક્કસ આગાહી કરવી અત્યારે શક્ય નથી. તેઓ લાંબા સમય સુધી સત્તાના કેન્દ્રમાં રહી શકે છે અથવા ભવિષ્યમાં પાકિસ્તાનની રાજકીય પરિસ્થિતિ કોઈ નવો વળાંક લઈ શકે છે. પરંતુ ઈતિહાસ એક મહત્વનો સંદેશ આપે છે. કોઈપણ દેશની સત્તા એક વ્યક્તિની આસપાસ લાંબા સમય સુધી કેન્દ્રિત રહેતી નથી. સમય સાથે પરિસ્થિતિ બદલાય છે અને સત્તાના સમીકરણો પણ બદલાય છે. પાકિસ્તાન માટે સાચો પડકાર માત્ર એક સેનાધ્યક્ષના ભવિષ્યનો નથી. પડકાર એ છે કે દેશ પોતાની સંસ્થાઓને કેટલા મજબૂત બનાવે છે. અર્થતંત્રને કેટલું સ્વાવલંબી બનાવે છે. ચૂંટાયેલી સરકારો અને સૈન્ય વચ્ચેનું સંતુલન કેટલું જાળવે છે અને નાગરિક સંસ્થાઓને કેટલું સશક્ત બનાવે છે. જો આ પ્રશ્નોનું સમાધાન નહીં થાય તો વ્યક્તિ બદલાય છતાં વ્યવસ્થાની સમસ્યા યથાવત રહી શકે છે. સત્તા માણસને શક્તિશાળી બનાવે છે પરંતુ સમય માણસ કરતાં વધુ શક્તિશાળી હોય છે. પાકિસ્તાનના ભૂતકાળમાં આ વાત અનેક વખત સાબિત થઈ છે. આસિમ મુનીર માટે પણ અંતે ઈતિહાસનો આ જ નિયમ લાગુ પડશે. તેઓ કઈ રીતે સત્તા છોડશે અને ત્યાર પછી તેમની ભૂમિકા શું રહેશે તે ભવિષ્ય નક્કી કરશે. પરંતુ એક વાત નિશ્ચિત છે કે કોઈપણ શાસક સત્તાને કાયમ માટે પોતાની પાસે રાખી શકતો નથી. સત્તાની સૌથી મોટી મર્યાદા એ જ છે કે તેનો સમય નક્કી હોય છે.

## શબ્દ સંજોગ-૨૨૭૭



**આડી ચાવી :**
(૧) દેવ કે દેવી મૂર્તિ સમક્ષ દીવો ઉતારવો તે (૩)
(૨) બગાડો, કોહવાટ (૨)
(૪) સંયોગ, સંબંધ (૨)
(૫) યજ્ઞોપવિત (૩)
(૭) કામ, કામદેવ (૩)
(૯) વડની ડાળમાંથી ફૂટીને લબડતુ મૂળ (૪)
(૧૦) હાથપગના આંગળાના ટેરવા પરનુ હાડકુ (૨)
(૧૧) એક વૃક્ષ (૨)
(૧૨) બંડાઈ, ગર્વ (૩)
(૧૪) મીઠું, સબરસ (૩)
(૧૮) મીણબતી (૨)
(૧૯) જંગલ (૨)
(૨૦) સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે છે તે માળા (૪)
(૨૧) એક જ જાતનુ, તદન (૪)
(૨૪) દિવસ (૨)
(૨૫) સાપની કાંચળી (૨)
(૨૬) દ્વારપાળ, દરવાજો સાચવનાર (૪)
(૨૭) નામની આગળ માનાર્થે લખાય (૧)

**ઉભી ચાવી :**
(૧) જમણી હથેળીમાં થોડુ પાણી લઈ પી જવુ તે (૪)
(૨) જોગવાઈ, અનુકૂળતા (૪)
(૩) દૂધી (૨)
(૫) આ સવાલનો ઉતર આપો (૩)
(૬) ભારતનું એક શહેર (૩)
(૮) 'મારા કામમા તમે....ન કરો' (૩)
(૧૧) ખેંચાણ, ટેન્શન (૨)
(૧૩) ઝાકળ (૪)
(૧૫) ભગાવન શ્રી કૃષ્ણનુ એક નામ (૪)
(૧૬) નામની આગળ વધુ માન આપવાના હેતુસર લખાય (૩)
(૧૭) પારસીઓનું બેસતુ વર્ષ (૪)
(૧૯) મોં, ચહેરો (૩)
(૨૨) દાંત (૩)
(૨૩) કિનાર, વસ્તુનો છેડો (૨)

## શબ્દ સંજોગ-૨૨૭૬ જવાબ

**આડી ચાવી:** (૧) પોખરણ (૩) અંશુમાન (૫) રબ (૬) રાગ (૭) સરકાર (૧૦) દલ (૧૩) રજત (૧૫) તરત (૧૭) સરોજ (૧૮) રથ (૧૯) કાજુ (૨૦) મનન (૨૨) રકાસ (૨૫) મોદક (૨૭) સહસા (૨૯) ખરચ (૩૧) નાળ (૩૨) વહેલ (૩૩) લભ્ય.
**ઉભી ચાવી:** (૧) પોરસ (૨) ખબર (૩) અંગદ (૪) મામા (૮) કારજ (૯) રજ (૧૧) લત (૧૨) વાત (૧૪) તરજુમો (૧૬) રદન (૧૭) સફર (૨૦) મકર (૨૧) નર (૨૩) કાસળ (૨૪) સહ (૨૬) દખલ (૨૮) સાવ (૩૦) ચલ .

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૬૦ | ૧૯૪૭ |
| ઘઉં લોકવન | ૫૪૫ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૧ |
| જુવાર સફેદ | ૧૨૯૦ | ૧૪૨૨ |
| જુવાર પીળી | ૪૬૧ | ૫૬૦ |
| બાજરી | ૩૬૮ | ૪૪૭ |
| તુવેર | ૧૪૫૦ | ૧૯૩૫ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચણા સફેદ | ૧૫૨૫ | ૨૩૬૦ |
| અડદ | ૧૪૪૦ | ૨૦૦૦ |
| મગ | ૧૨૩૫ | ૧૬૯૦ |
| વાલ દેશી | ૩૩૦ | ૧૩૯૦ |
| ચોળી | ૧૦૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૭૧૦ | ૧૦૫૫ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૫૨૮ |
| મગફળી જીણી | ૧૧૭૫ | ૧૭૧૫ |
| તલી | ૨૧૨૫ | ૨૭૩૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૫૨૩ |
| સુવા | ૧૪૮૦ | ૧૮૩૦ |
| સોયાબીન | ૧૧૯૨ | ૧૪૧૧ |
| સીંગફાડા | ૧૪૩૦ | ૧૭૩૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૭૧૧ |
| લસણ | ૧૦૨૧ | ૨૩૭૫ |
| ધાણા | ૨૬૦૦ | ૨૮૫૦ |
| ધાણી | ૨૬૫૦ | ૨૯૦૦ |
| વરીયાળી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૪૨૬૦ | ૪૮૪૦ |
| રાય | ૧૪૫૦ | ૧૮૮૦ |
| મેથી | ૭૦૦ | ૧૭૬૪ |
| કલોંજી | ૩૯૦૦ | ૪૭૩૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૬૦૦ |
| રજકાનું બી | ૭૨૦૦ | ૧૦૬૪૦ |
| ગુવારનું બી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૪૮ | ૪૧૩૨ |
| પપૈયા | ૧૪૮ | ૩૦૭ |
| બટેટા | ૯૨ | ૩૦૧ |
| ડુંગળી સુકી | ૩૨૦ | ૮૧૦ |
| ટમેટા | ૩૨૪ | ૬૧૦ |
| સુરણ | ૩૪૯ | ૫૨૦ |
| કોથમરી | ૪૦૭ | ૬૮૨ |
| મુળા | ૧૬૪ | ૩૧૮ |
| રીંગણા | ૩૬૮ | ૬૫૨ |
| કોબીજ | ૯૦ | ૧૯૨ |
| ફ્લાવર | ૨૨૧ | ૪૧૨ |
| ભીંડો | ૫૬૨ | ૮૨૩ |
| ગુવાર | ૬૮૫ | ૧૮૩૪ |
| ચોળાસીંગ | ૬૨૬ | ૧૧૮૩ |
| વાલોળ | ૭૭૫ | ૧૨૨૪ |
| ટીંડોળા | ૩૭૭ | ૭૧૦ |
| દુધી | ૧૦૩ | ૨૧૦ |
| કારેલા | ૩૪૨ | ૫૦૭ |
| સરગવો | ૭૮૨ | ૧૫૩૮ |
| તુરીયા | ૫૪૯ | ૭૭૨ |
| પરવર | ૪૫૩ | ૭૦૭ |
| કાકડી | ૩૫૮ | ૮૨૪ |
| ગાજર | ૩૧૨ | ૪૩૮ |
| વટાણા | ૨૦૩૩ | ૨૯૯૨ |
| તુવેરસીંગ | ૫૨૮ | ૭૧૧ |
| કંટોળા | ૧૧૨૧ | ૧૮૮૦ |
| ગલકા | ૩૦૩ | ૫૧૨ |
| બીટ | ૨૯૫ | ૫૧૪ |
| મેથી | ૯૦૬ | ૧૫૪૮ |
| વાલ | ૮૨૧ | ૧૩૫૩ |
| ડુંગળી લીલી | ૨૧૧ | ૪૧૨ |
| આદુ | ૧૩૩૯ | ૩૦૧૬ |
| મરચા લીલા | ૧૫૪ | ૪૯૩ |
| હળદર લીલી | ૭૨૨ | ૮૭૮ |
| લસણ લીલું | ૨૬૯૦ | ૪૦૧૯ |
| મગફળી લીલી | ૬૦૪ | ૯૨૫ |
| મકાઇ લીલી | ૧૫૪ | ૨૮૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૩૧ | ૧૮૯૧ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૫૦ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૮૦૦ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૩૯૧ | ૧૫૩૧ |
| તલ લાલ | ૨૫૧૧ | ૨૫૪૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૮૬૧ |
| વરીયાળી | ૧૯૨૬ | ૧૯૨૬ |
| ધાણા | ૨૬૦૧ | ૩૦૩૧ |
| ડુંગળી લાલ | ૧૬૧ | ૮૫૧ |
| અડદ | ૭૦૦ | ૧૯૬૧ |
| તુવેર | ૯૦૦ | ૧૯૫૧ |
| રાય | ૧૭૫૧ | ૧૭૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૫૩૧ |
| સુવાદાણા | ૧૪૩૧ | ૧૪૩૧ |
| ગુવાર બી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૭૫૧ |
| ધાણી | ૨૬૫૧ | ૩૦૨૧ |
| બાજરો | ૪૩૧ | ૪૫૧ |
| જુવાર | ૫૧૧ | ૧૪૮૧ |
| મકાઇ | ૩૯૧ | ૩૯૧ |
| મગ | ૭૦૧ | ૧૭૪૧ |
| વાલ | ૮૭૬ | ૧૩૧૧ |
| ચોળા / ચોળી | ૩૧૧ | ૨૦૮૧ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૩૫૧ |
| રજકાનું બી | ૨૧૦૧ | ૭૬૦૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૩૭૧ |
| વટાણા | ૪૧૧ | ૧૦૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ચ્રૂણ | ૪૮૦ | ૮૦૦ |
| પરવળ | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૫ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૭ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| ગીરનારી શીંગ | ૧૦૩૦ | ૧૪૮૦ |
| શિંગ મોટી | ૧૦૭૦ | ૧૫૧૫ |
| તલ સફેદ | ૧૭૩૦ | ૨૮૨૫ |
| તલ કાળા | ૨૦૯૫ | ૩૬૧૫ |
| તલ કાશમીરી | ૨૩૪૦ | ૨૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૭૧૦ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૭૦ |
| અડદ | ૧૬૫૦ | ૧૯૧૦ |
| ચણા | ૧૨૨૦ | ૧૫૨૦ |
| સફેદ ચણા | ૧૩૩૫ | ૧૩૩૫ |
| છોલે ચણા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| કપાસ | ૧૦૮૫ | ૧૯૮૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૮૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૬૫૦ |
| અજમા | ૨૩૧૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૧૧૧૦ | ૧૨૪૫ |
| કાંગ | ૭૭૦ | ૭૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૪૦ |
| રીંગણા | ૫૫૦ | ૯૬૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૬૦ |
| શકકરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ટમેટાં | ૬૨૦ | ૭૨૦ |
| સુરણ | ૯૨૦ | ૧૦૩૦ |
| ગાજર | ૪૪૦ | ૫૬૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૧૦ |
| કાકડી | ૩૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૩૮૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૫૦ |
| ચોળા લીલા | ૭૮૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૭૩૦ |
| ચીભડા | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૮૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૨૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૨૦ | ૭૩૦ |
| લીલી તેવેર | ૧૧૫૦ | ૧૨૮૦ |
| સરગવો | ૧૧૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૨૩૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૫૦ | ૨૯૯૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૫૦ |
| શીંગ ઓળા | ૯૦૦ | ૯૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૪૦૦ | ૧૬૯૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૦૨ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૬૫૦ |
| જીરૂ | ૪૪૦૦ | ૪૭૪૭ |
| કપાસ | ૧૮૦૦ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૫ |
| બાજરો | ૩૭૫ | ૪૪૬ |
| જુવાર | ૭૫૦ | ૧૩૮૫ |
| મગ | ૧૧૦૦ | ૧૪૩૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૦૫ |
| ચણા | ૧૩૦૦ | ૧૫૫૧ |
| તુવેર | ---- | ૧૬૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૨૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૮૫૦ | ૧૯૬૨ |
| મગફળી | ૧૦૨૦ | ૧૦૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૬૩૫ | ૧૬૭૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૮૧૦ |
| તલ | ૨૩૬૦ | ૨૩૬૦ |
| શીંગ ફાડા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| અજમા | ૨૨૧૦ | ૨૨૧૦ |
| મેથી | ૭૦૫ | ૭૦૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૫૪૨ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૭૦ |
| અડદ | ૧૬૩૦ | ૧૬૩૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૮૫ |
| ચણા | ૧૩૦૦ | ૧૪૩૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૭૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૫૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૫૦ | ૨૦૧૦ |
| કપાસ મીડીયમ | ૧૪૩૦ | ૧૬૭૦ |
| મગફળી | ૧૨૯૫ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૧૨૦ | ૪૬૫૫ |
| ઘઉં | ૪૯૦ | ૫૪૫ |
| મગ | ૧૮૩૦ | ૨૨૭૫ |
| અડદ | ૧૬૭૦ | ૧૭૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૫૦૧ | ૧૯૬૧ |
| ઘઉં | ૫૦૮ | ૫૩૯ |
| જુવાર | ૧૪૯૧ | ૧૪૯૧ |
| મગ | ૧૩૯૬ | ૧૩૯૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૪૩૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૮૧૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૮૦૧ |
| મગફળી | ૧૦૦૧ | ૧૪૨૬ |
| શીંગફાડા | ૧૭૭૬ | ૧૭૭૬ |
| તઈ સફેદ | ૧૫૦૧ | ૨૫૪૬ |
| ધાણા | ૨૦૦૧ | ૨૭૯૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૪૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૪૮૦ |
| શીંગ ૬૬ | ૧૪૦૦ | ૨૧૫૮ |
| શીંગ ૩૯ | ૧૦૫૫ | ૧૫૨૪ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| જુવાર | ૫૨૩ | ૧૩૮૬ |
| બાજરી | ૪૨૭ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૭૦ |
| મકાઇ | ૫૫૦ | ૫૫૦ |
| અડદ | ૧૯૦૦ | ૨૦૦૦ |
| મગ | ૯૪૦ | ૧૯૪૦ |
| મેથી | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૩૩૫ |
| તલ સફેદ | ૧૫૫૨ | ૨૬૨૬ |
| તલ કાળા | ૧૧૧૨ | ૩૩૫૦ |
| અજમા | ૩૩૫૨ | ૩૩૫૨ |
| ચોળી | ૨૦૦૨ | ૨૦૦૨ |
| ડુંગળી લાલ | ૮૦ | ૭૪૭ |
| ડુંગળી સફેદ | ૨૯૩ | ૬૦૦ |
| કપાસ શંકર | ૧૬૪૧ | ૧૯૦૦ |
| નાળીયેર | ૪૦૫ | ૩૯૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૨૫૦ | ૧૪૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૬ |
| જુવાર | ૧૦૦૦ | ૧૩૨૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૮૦૨ |
| મગ | ૧૩૦૦ | ૧૭૭૦ |
| એરંડી | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૫૧૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૪૪ |
| સોયાબીન | ૧૧૨૦ | ૧૩૧૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૬૩૫ |
| બાજરી | ૩૮૦ | ૪૧૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૬૩ |
| મગ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૫ |
| ચોળી | ૧૭૦૦ | ૧૯૦૦ |
| મકાઈ | ૩૫૦ | ૫૩૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૫૧૫ |
| ચણા સફેદ | ૧૨૭૦ | ૨૦૦૫ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૪૫ |
| એરંડા | ૧૪૫૦ | ૧૫૦૫ |
| તલી | ૨૦૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૪૮૦ |
| રાયડો | ૧૩૫૦ | ૧૫૮૦ |
| લસણ | ૮૦૦ | ૨૦૯૦ |
| કપાસ | ૧૭૭૦ | ૧૯૬૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૫૦૦૦ |
| ડુંગળીસુકી | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી નાસીક | ૫૦૦ | ૧૦૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૬૦ |
| વટાણા | ૩૫૦ | ૮૭૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૫૫૧ |
| કપાસ | ૧૭૭૦ | ૧૯૬૫ |
| બાજરો | ૪૨૧ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૧૦ |
| જુવાર | ૯૦૦ | ૧૪૩૫ |
| ચણા | ૧૧૦૧ | ૧૪૯૧ |
| **ખાંભા** | | |
| કપાસ એ ગ્રેડ | ૧૮૫૦ | ૧૯૬૦ |
| કપાસ બી ગ્રેડ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ચણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વિરજીભાઈ ઠુંમરના નિધનથી કોંગ્રેસે વરિષ્ઠ યોધ્ધા ગુમાવ્યા: રણદીપસિંહ સુરજેવાલા



ગુજરાત,તા.૦૮

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા, પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરના નિધનથી કોંગ્રેસ પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી તથા સંગઠન પ્રભારી સાંસદ રણદીપસિંહ સુરજેવાલાએ શ્રધ્ધાંજલિ પાઠવતાં જણાવ્યુ કે, તેમના નિધનથી સૌની આંખો ભીની અને હૃદય વ્યથિત છે. કોંગ્રેસ પરિવારે એક વટવૃક્ષ ગુમાવ્યું છે. તેમની સાદગી, દરેક વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ, કર્તવ્યભાવના અને ખેતી-કિસાન સાથેનો ગાઢ સંબંધ હંમેશાં યાદ રહેશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે, કોંગ્રેસે એક વરિષ્ઠ યોધ્ધકાને ગુમાવ્યા છે. સહકારી ક્ષેત્ર તથા કોંગ્રેસની કામગીરીમાં તેમણે અસરકારક નેતૃત્વ આપ્યું હતું. ખેડૂતો, સહકારી ક્ષેત્ર અને સામાન્ય જનતાના હિત માટે તેમણે લાંબા જાહેર જીવન દરમિયાન સતત સંઘર્ષ કર્યો. તેમના નિધનથી ગુજરાતના જાહેર જીવનમાં મોટી ખોટ પડી છે.

# ઉનાના ગરાળ ગામે SOGની ટીમે ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરતા બે બોગસ ડોક્ટર ઝડપ્યાં



ઉના,તા.૦૮

ઉના તાલુકાના ગરાળ ગામમાં માન્ય મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક દવાઓ આપી લોકોની સારવાર કરતા બે બોગસ ડોક્ટરોને SOGની ટીમે ઝડપી પાડ્યા છે.

SOGના ઈન્ચાર્જ પી.આઇ. એમ.કે. વણારકા તથા પી. એસ.આઇ. એસ.જે. સોલંકીની ટીમે મેડિકલ ઓફિસર સાથે મળીને ગરાળ ગામમાં સરપ્રાઈઝ દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન ગામમાં જ રહેતા રાજેશભાઈ લીલાધરભાઈ બગથરીયા અને ખેંગારસિંહ પ્રભાતસંગ ચાવડા કોઈપણ પ્રકારની પ્રમાણિત ડિગ્રી વિના ક્લિનિક ચલાવતા રંગેહાથ પકડાયા હતા. પોલીસ અને મેડિકલ ટીમે સ્થળ પરથી એલોપેથિક દવાઓ તથા તબીબી સાધનો સહિત કુલ ૧૭ પ્રકારની સામગ્રી જપ્ત કરી છે, જેની અંદાજિત કિંમત રૂ. ૩,૭૬૪ થાય છે. આ મામલે ઉના પોલીસ સ્ટેશન ખાતે બંને આરોપીઓ સામે અલગ-અલગ બે ગુના નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# SGFI રાજ્યકક્ષા જુડો સ્પર્ધામાં કોડીનારની સોમનાથ એકેડમીના ખેલાડીઓનો ડંકો: ૧૩ મેડલ જીત્યા



કોડીનાર,તા.૦૮

જેતલપુર (અમદાવાદ) ખાતે યોજાયેલી SGFI રાજ્યકક્ષાની જુડો સ્પર્ધામાં કોડીનારની સોમનાથ એકેડમીના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ૬ સુવર્ણ, ૧ રજત અને ૬ કાંસ્ય મળી કુલ ૧૩ મેડલ મેળવ્યા છે. કોચ હિતેશ બારડ અને તન્વી બારડના માર્ગદર્શન હેઠળ મેળવેલ આ સિદ્ધિ બદલ ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી તથા શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# લીલીયા મોટામાં ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન કાર્યક્રમ યોજાયો



લીલીયા,તા.૦૮

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે તાલુકા કક્ષાનો ટીબી મુક્ત ગ્રામ પંચાયત સન્માન કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા હેલ્થ ઓફિસ, લીલીયા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત 'જોશ ટીમ'નો રાષ્ટ્રીય કક્ષાએ શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન લીલીયા તાલુકાની ટીબી મુક્ત જાહેર થયેલી ગ્રામ પંચાયતોના સરપંચોને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા. ગ્રામ્ય સ્તરે ટીબી મુક્ત ગ્રામ પંચાયત અભિયાન અંતર્ગત થયેલી કામગીરીને બિરદાવવામાં આવી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી દુદકીયાના નેતૃત્વ હેઠળ લીલીયા તાલુકા 'જોશ ટીમ'ની રચના કરવામાં આવી હતી. ટીમનો મુખ્ય હેતુ ટીબી અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો, લક્ષણોની માહિતી આપવાનો અને ટીબી મુક્ત ભારતના સંકલ્પમાં જનભાગીદારી વધારવાનો છે. ટીમમાં મેડિકલ ઓફિસર ડો. જય વાઘેલા, આંગણવાડી સુપરવાઈઝરો, એનસીસી કેડેટ્સ અને એનએસએસના સ્વયંસેવકોનો સમાવેશ કરાયો છે.

# સણોસરીમાં દીપડાના ભયથી ત્રીજા દિવસે પણ શાળા બહિષ્કાર

ઉના, તા.૦૮

ગીરગઢડા તાલુકાના સણોસરી ગામે દીપડાના ભયને પગલે આજે ત્રીજા દિવસે પણ શાળા બહિષ્કાર યથાવત રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં દીપડાના હુમલાની ઘટનાઓને કારણે ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી વાલીઓએ તેમને શાળાએ મોકલવાનું બંધ કર્યું છે. ત્રણ દિવસથી શાળા બહિષ્કાર છતાં મામલતદાર, તાલુકા શિક્ષણ તંત્ર, TDO સહિતના જવાબદાર અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા ન હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. આ મુદ્દે વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ જણાવ્યું કે બાળકોની સુરક્ષાનો પ્રશ્ન ગંભીર હોવા છતાં તંત્ર દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી નથી. વાલીઓની માંગ છે કે વનવિભાગ, શિક્ષણ વિભાગ અને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ તાત્કાલિક ગામની મુલાકાત લઈ શાળા તથા સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કરે અને દીપડાના ભયનો કાયમી ઉકેલ લાવે.

# વડનગરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવા યાત્રાનું ભવ્ય સમાપન થયું



તસવીર : કૈલાશ ભટ્ટ

વડનગર,તા.૦૮

વડનગર ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી 'સેવા યાત્રા'નો સમાપન સમારોહ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પશ્ચિમ બંગાળના નેતા સુવેન્દુ અધિકારી, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણ તથા મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વડનગરથી વારાણસી અને પરત વડનગર સુધી યોજાયેલી આ વિશેષ બાઈક યાત્રામાં મોટી સંખ્યામાં યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા. આ યાત્રા દરમિયાન યુવાનોએ માર્ગમાં આવતા વિવિધ વિસ્તારોના લોકો સુધી સેવા, સ્વચ્છતા, વૃક્ષારોપણ તથા જળ સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ સામાજિક કાર્યોનો સરાહનીય સંદેશ પહોંચાડ્યો હતો. વડનગરની પવિત્ર ભૂમિથી શરૂ થયેલી આ પ્રેરણાદાયી યાત્રા સમાજસેવા અને રાષ્ટ્રહિતના નવા સંકલ્પ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. સમાપન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોએ યુવાનોના આ ભગીરથ પ્રયાસને બિરદાવીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

# વન્યજીવ સપ્તાહ: કોડીનાર અંબુજા નિકેતન સ્કૂલમાં દરિયાઈ કાચબા સંરક્ષણ અંગે સેમિનાર યોજાયો


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર,તા.૦૮

વન્યજીવ સપ્તાહ નિમિત્તે જામવાળા રેન્જના છારા રાઉન્ડ, પ્રકૃતિ નેચર ક્લબ કોડીનાર અને અંબુજા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે અંબુજા નિકેતન સ્કૂલ ખાતે ગ્રીન ટર્ટલ (દરિયાઈ કાચબા) સંરક્ષણ અને જાગૃતિ અંગે વિશેષ સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે જામવાળા ACF પ્રભાકર તેમજ વન વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં દરિયાઈ કાચબાઓના જીવનચક્ર, ઈકોસિસ્ટમમાં તેમના મહત્વ, દરિયાકિનારે સ્વચ્છતા રાખવા, પ્લાસ્ટિક કચરો ન ફેલાવવા તથા તેમના માળાઓનું રક્ષણ કરવા બાબતે વિગતવાર સમજ આપવામાં આવી હતી. વક્તાઓએ વન્યજીવ રક્ષણને સમગ્ર સમાજની સહિયારી જવાબદારી ગણાવી હતી. આ અવસરે વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા વધે તે હેતુથી કાચબા વિષયક ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી, જેમાં ભાગ લેનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# કોડીનાર શહેરમાં વ્યાજખોર વિરોધી અભિયાનનો પ્રારંભ, પાંચ કેસમાં કાર્યવાહી

**રૂ.૧ લાખ સામે રૂ.૧.૨૦ લાખ ચૂકવ્યા છતાં વધુ રૂ.૧.૬૦ લાખની માંગણી કરી પઠાણી ઉઘરાણીનો આક્ષેપ**

કોડીનાર, તા.૦૮

કોડીનારમાં વ્યાજખોર વિરોધી અભિયાનના પ્રારંભ સાથે લોકદરબારમાં મળેલી અરજીઓની ચકાસણી બાદ પાંચ કેસમાં તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. દરમિયાન કોડીનાર ટાઉનમાં વેપારી પાસેથી પઠાણી ઉઘરાણી કર્યાનો મામલો સામે આવ્યો છે. સુગર ફેક્ટરીના ગેટ પાસે દુકાન ધરાવતા રીપલસિંહ બારડને અઢી વર્ષ પહેલાં સારવાર માટે નાણાંની જરૂર હોવાથી મિતીયાજના નરેશભાઈ દાહીમા પાસેથી રૂ.૧ લાખ લીધા હતા. બદલામાં કોરો ચેક આપી માસિક ૫ ટકા વ્યાજ નક્કી થયું હતું. વેપારીએ ફોન-પે અને રોકડથી કુલ રૂ.૧.૨૦ લાખ ચૂકવ્યા છતાં વધુ રૂ.૧.૬૦ લાખની માંગણી કરાઈ હોવાનો આક્ષેપ છે. ફરિયાદ મુજબ દુકાને આવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને કોરા ચેકમાં રૂ.૪.૮૦ લાખ ભરી તેનો ફોટો વોટ્સએપ પર મોકલાયો હતો. આ અંગે કોડીનાર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દીવના નાગવા બીચ પર મૃત ડોલ્ફિન તણાઈ આવતા સ્થાનિકો દ્વારા દફનવિધિ હાથ ધરાઈ



દીવ,તા.૦૮

દીવના પ્રખ્યાત નાગવા બીચ પર વહેલી સવારે એક મૃત ડોલ્ફિન દરિયાકિનારે તણાઈ આવી હતી. સવારના સમયે કિનારે ફરવા નીકળેલા સ્થાનિક લોકોની નજર આ મૃતદેહ પર પડતાં તેમણે તુરંત અન્ય લોકોને તથા સંબંધિત તંત્રને જાણ કરી હતી. સ્થાનિકોએ દરિયાઈ જીવ પ્રત્યે સંવેદના દાખવી મૃત ડોલ્ફિનની દફનવિધિની કામગીરી શરૂ કરી હતી. ડોલ્ફિનના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટના બાદ દરિયાઈ જીવસૃષ્ટિ અને ડોલ્ફિન સંરક્ષણ અંગે ચર્ચા જાગી છે.

# કોડીનારના સેઢાયાની પ્રાથમિક શાળામાં સ્ટેટ બેંક દ્વારા RO મશીનની ઉત્તમ ભેટ



શેઢાયા,તા.૦૮

શેઢાયા પ્રાથમિક શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), આચાર્યશ્રી તથા શેઢાયા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને રાખીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા સરાહનીય પહેલ કરવામાં આવી છે.

બેંકના સામાજિક ઉત્તરદાયિત્વ (CSR) હેઠળ શાળાના બાળકોને શુધ્ધ અને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે હેતુથી એક અત્યાધુનિક આર.ઓ. (RO) વોટર મશીન ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું છે.

બાળકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરતી આ ઉપયોગી ભેટ બદલ શાળા પરિવાર, ગ્રામ પંચાયત અને ગ્રામજનોએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉના તાલુકાના નાઠેજ નજીક કારની અડફેટે બે વિદ્યાર્થીનીઓ ઘાયલ



ઉના, તા.૦૮

ઉના તાલુકાના નાઠેજ ગામ નજીક ભાવનગર રોડ પર શાળાએ જવા વાહનની રાહ જોઈ રહેલી બે વિદ્યાર્થીનીઓને પુરપાટ ઝડપે આવતી કારે અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર બાદ કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. નાઠેજના વતની માનવીબેન સોસા અને પ્રિયાબેન સોસા રોડ કિનારે ઊભી હતી. દરમિયાન ઉનાના અશ્વિનભાઈ ચંદ્રકાંતભાઈ જોષીને અચાનક ઝોકું આવતાં કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બંને વિદ્યાર્થીનીઓને અડફેટે લઈ ફંગોળી દીધી હતી. ટક્કરની અસરથી બંને છાત્રાઓ કાંટાની વાડ અને પાણીના ખાબોચિયામાં જઈ પડતાં ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માત સમયે ત્યાંથી પસાર થઈ રહેલા ગુલિસ્તા પ્રાથમિક શાળાના શિક્ષક સોહિલભાઈ ઉનડજામ તથા અન્ય રાહદારીઓએ તાત્કાલિક બંનેને બહાર કાઢી ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. બનાવની જાણ થતાં ઉના પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત અંગે તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

# ઉનાના વિકાસની ગાથામાં ઉમેરાયો વધુ એક અધ્યાય, રૂ. ૨.૨૬ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

ઉના, તા.૦૮

ઉના શહેરના વિકાસમાં વધુ એક અધ્યાય ઉમેરાયો છે. ઉના શહેર અને તાલુકાના વિકાસ માટે સતત કટિબધ્ધ હોવાનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે જણાવ્યું હતું.

વોર્ડ નં. ૫ના ભીમપરા વિસ્તારમાં રેલવે ફાટકથી પાલેશ્વર મંદિર સુધી રૂ. ૧ કરોડ ૩૧ લાખના ખર્ચે નિર્માણ થનાર સીસી રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જ્યારે વોર્ડ નં. ૪ની તુલસીધામ સોસાયટીમાં રૂ. ૯૫ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુંદર બગીચાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

બંને વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તથા નગરપાલિકા પ્રમુખ હર્ષાબેન ભોળુભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોથી સ્થાનિક રહેવાસીઓને સુવિધા મળવાની સાથે શહેરના વિકાસને પણ વેગ મળશે.

**CHANGE OF NAME**

I Undersign I KATHIRIYA GAURIBEN DIPAKBHAI have changed my name from KATHIRIYA GAURIBEN DIPAKKUMAR To KATHIRIYA GAURIBEN DIPAKBHAI Now i will be known as KATHIRIYA GAURIBEN DIPAKBHAI
Sign : KATHIRIYA GAURIBEN DIPAKBHAI
Address: VADALA CHOK NI SAME,
AT-MOTA GOKHARVALA,
DIST-AMRELI-365601 GUJARAT INDIA

**CHANGE OF NAME**

I Undersign I KATHIRIYA DIPAKBHAI BALUBHAIhave changed my name from KATHIRIYA DIPAKKUMAR BALUBHAI To KATHIRIYA DIPAKBHAI BALUBHAI Now i will be known as KATHIRIYA DIPAKBHAI BALUBHAI
Sign : KATHIRIYA DIPAKBHAI BALUBHAI
Address: MOTA GOKHARVALA,
AT-MOTA GOKHARVALA,
DIST-AMRELI-365601 GUJARAT INDIA

# પૂર્વ સાંસદ સ્વ. વિરજીભાઈ ઠુંમરના નિધન પર રાજકીય અને સામાજિક આગેવાનોએ પાઠવી સાંત્વના






અમરેલી,તા.૦૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા, અમરેલીના પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરના દુઃખદ અવસાનથી સમગ્ર રાજ્યમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. તેમના નિધનના સમાચાર મળતા જ વિવિધ રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ઠુંમર પરિવારને રૂબરૂ મળીને સાંત્વના પાઠવી હતી. સ્વ. વિરજીભાઈ ઠુંમરના અમરેલી સ્થિત નિવાસસ્થાને ખોડલધામ ટ્રસ્ટ, કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ, શિરોમણી સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડે પહોંચી પરિવારજનોને આશ્વાસન આપ્યું હતું. આ ઉપરાંત પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ગજેરા, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, રમેશભાઈ કાથરોટીયા તથા રાજકોટના પ્રખ્યાત ધારાશાસ્ત્રી પીનલબેન સાવલિયા સહિતના અનેક અગ્રણીઓએ પણ રૂબરૂ મુલાકાત લઈ દિવંગત આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી અને તેમની પુત્રી જેનીબેન ઠુંમર સહિત સમગ્ર પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# આજથી સાસણ ગીર, બરડા, આંબરડી અને ગિરનાર સહિતના તમામ સફારી પાર્ક પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકાશે



જૂનાગઢ,તા.૦૮

ચોમાસાના ચાર મહિનાના વિરામ બાદ આવતીકાલથી (૯ ઓક્ટોબર) ગુજરાતના સાસણ ગીર, બરડા, આંબરડી અને ગિરનાર સહિતના તમામ સફારી પાર્ક પ્રવાસીઓ માટે ફરી ખુલ્લા મૂકવામાં આવશે. હવામાન વિભાગ દ્વારા ચોમાસાની વિધિવત વિદાયની જાહેરાત થતાં, વન વિભાગે આ વર્ષે નિયમિત તારીખ (૧૬ ઓક્ટોબર) કરતાં એક અઠવાડિયું વહેલાં સફારી પાર્ક શરૂ કરવાનો નિર્ણય લીધો છે.ગીર વન્યજીવ વર્તુળના વન સંરક્ષક ડૉ. રામ રતન નાલાના જણાવ્યા અનુસાર, આજે સવારે ૬:૩૦ વાગ્યે પ્રથમ સફારી જીપ્સીને ગીર અભયારણ્યમાં પ્રવેશ અપાશે. સિંહ દર્શન અને પ્રકૃતિ નિહાળવા ઉત્સુક પ્રવાસીઓ માટે વન વિભાગ દ્વારા ઓનલાઈન સફારી બુકિંગ સહિતની પ્રક્રિયાઓ શરૂ કરી દેવામાં આવી છે. ગીર દેશ-વિદેશના વન્યજીવ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હોવાથી વહેલાં પ્રારંભના આ નિર્ણયથી પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લહેર છવાઈ છે.

# ઓડિશામાં 'ઈન્ડિયા' ગઠબંધનનું ૧૨ કલાકના બંધ દરમ્યાન વિરોધ પ્રદર્શન



ભુવનેશ્વર,તા.૦૮

ઓડિશામાં શાળાના પાઠ્યપુસ્તકોમાં ભૂલો, નવા ખાણકામ કાયદા અને એસ.આઈ.આર. (SIR) પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓ સામે 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધન દ્વારા ૧૨ કલાકના રાજ્યવ્યાપી બંધનું આહ્વાન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનના કારણે ભુવનેશ્વર, કટક અને સંબલપુર સહિતના અનેક જિલ્લાઓમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું.

પ્રદર્શનકારીઓએ મુખ્ય ધોરીમાર્ગો અને ચોકડીઓ પર ધરણા ધરી, ટાયરો સળગાવીને વાહનવ્યવહાર રોક્યો હતો. સવારથી બજારો, દુકાનો, પેટ્રોલ પંપ અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહ્યા હતા તેમજ બસો અને ઓટો-રિક્ષા સહિતના જાહેર પરિવહનને અસર પહોંચતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. જોકે, એમ્બ્યુલન્સ, હોસ્પિટલ, ફાયર સર્વિસ અને દૂધ પુરવઠા જેવી આવશ્યક સેવાઓને બંધમાંથી મુક્તિ આપવામાં આવી હતી. કોંગ્રેસ તથા અન્ય સહયોગી પક્ષોએ એમ.એમ.ડી.આર. (MMDR) સુધારા કાયદો પાછો ખેંચવાની અને રાજ્ય મંત્રી નિત્યાનંદ ગોંડના રાજીનામાની માંગ કરી હતી.

# ગમે તેટલો વિરોધ થાય છતાં જ્ઞાનેશ કુમાર રાજીનામું આપશે નહીં: રામદાસ આઠવલે



નવી દિલ્હી, તા.૦૮

અભિજીત દીપકના નેતૃત્વ હેઠળની 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે ૧૦ ઓક્ટોબરે દિલ્હીમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ અંગે કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ જણાવ્યું કે, ગમે તેટલો વિરોધ થાય છતાં જ્ઞાનેશ કુમાર રાજીનામું આપશે નહીં.

તેમણે ઉમેર્યું કે ચૂંટણી પંચ મતદાર યાદી સુધારવા અને પારદર્શક ચૂંટણી યોજવા પ્રતિબધ્ધ છે, તેથી રાજીનામાની માંગ અર્થહીન છે. આ સાથે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે અપમાનજનક ભાષા ન વાપરવા પણ ચેતવણી આપી હતી.

# સરકાર UPI થી રૂ. ૨,૦૦૦ થી વધુના વ્યવહારો પર MDR લાદવાનો નિર્ણય મુલતવી રાખે તેવી શક્યતા




નવી દિલ્હી,તા.૦૮

રૂ.૨,૦૦૦ થી વધુના યુપીઆઈ (UPI) ચૂકવણીઓ પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાદવાની યોજના ૧૫ ઓક્ટોબરના બદલે ૧ જાન્યુઆરી સુધી મુલતવી રાખવા અંગે સરકાર વિચારી રહી છે. આ નિર્ણયથી તહેવારોની મોસમમાં છૂટક વેપારીઓ અને ગ્રાહકોને મોટી રાહત મળશે. આ સમાચારને પગલે પેટીએમ (Paytm) જેવા પેમેન્ટ એગ્રીગેટરના શેરમાં ૧૦% સુધીનો ઘટાડો નોંધાયો હતો.

તહેવારો ટાણે એમ.ડી.આર. લાગુ થવાથી ટ્રાન્ઝેક્શન કોસ્ટ વધવાની ચિંતા વેપારી મંડળો દ્વારા વ્યક્ત કરાઈ હતી અને વિરોધમાં 'નો યુપીઆઈ ડે' પણ ઉજવાયો હતો. એન.પી.સી.આઈ. (NPCI) ની સ્ટીયરિંગ કમિટી આ મુદ્દે ચર્ચા કરી રહી છે. આ ઉપરાંત, રૂ.૪૦ લાખ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના વ્યવસાયોને પણ આ એમ.ડી.આર. ફીમાંથી મુક્તિ આપવા અંગે વિચારણા ચાલી રહી છે.

# મુફ્તી મોહમ્મદ ગુફરાને ગરબામાં મુસ્લિમ યુવાનોની ભાગીદારી 'હરામ' જાહેર કરી

ભોપાલ,તા.૦૮

ભોપાલના મુફ્તી મોહમ્મદ ગુફરાન ખાન નદવીએ સોશિયલ મીડિયા પર વિડીયો જારી કરીને નવરાત્રી દરમિયાન ગરબા કે હિન્દુ ધાર્મિક પ્રોગ્રામોમાં મુસ્લિમ યુવાનોની ભાગીદારીને ઈસ્લામ મુજબ 'હરામ' ગણાવી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે મુસ્લિમો માટે આવા સાંસ્કૃતિક કે ધાર્મિક વિધિઓમાં ભાગ લેવો માન્ય નથી.

આગામી નવરાત્રી અને દાંડિયા મહોત્સવને ધ્યાને રાખીને ભોપાલમાં આયોજકો અને હિન્દુ સંગઠનો દ્વારા ગરબામાં ભાગ લેનારાઓની ઓળખ અંગે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. કેટલાક સંગઠનો દ્વારા મુસ્લિમ યુવાનોના પ્રવેશ સામે વાંધો ઉઠાવાયા બાદ મુફ્તી નદવીનું આ નિવેદન આવ્યું છે, જે હાલ સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બન્યું છે.

# દાહોદની ખંગેલા ચેકપોસ્ટ પરથી રૂ. ૧.૪૦ કરોડથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો, એકની ધરપકડ



દાહોદ,તા.૦૮

અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં થતી ગેરકાયદે દારૂની હેરાફેરી સામે દાહોદ પોલીસને મોટી સફળતા મળી છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાતમીના આધારે ખંગેલા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન હિમાચલ પ્રદેશ પાસિંગની એક ટ્રકમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે ટ્રકની તપાસ કરતા તેમાંથી રૂ. ૧,૨૦,૦૬,૮૪૦ની કિંમતની વિદેશી દારૂની ૩૭,૬૩૨ બોટલો (૧,૪૫૯ પેટી) મળી આવી હતી. પોલીસે રૂ.૨૦ લાખની ટ્રક, ૩ મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ રૂ.૧,૪૦,૨૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ટ્રક રોકતાં જ ચાલક અને ક્લીનરે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે એક આરોપીને સ્થળ પર જ ઝડપી પાડ્યો હતો. દાહોદ ડીવાયએસપી જગદીશ ભંડારીના જણાવ્યા અનુસાર, પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને દારૂનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સુપ્રીમ કોર્ટે ફાર્મા કંપનીઓ દ્વારા ડોક્ટરોને અપાતી મોંઘી ભેટો સામે કેન્દ્રને સમિતિ રચવા આદેશ આપ્યો




નવી દિલ્હી,તા.૦૮

ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા ડોક્ટરોને મોંઘી દવાઓ લખવા માટે લલચાવવા અપાતી મોંઘી ભેટો, વિદેશ પ્રવાસો અને અન્ય મફત સુવિધાઓ (ફ્રીબીઝ) જેવી અનૈતિક માર્કેટિંગ પ્રથાઓ અટકાવવા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૩ સભ્યોની નિષ્ણાત સમિતિ બનાવવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે 'ફેડરેશન ઓફ મેડિકલ એન્ડ સેલ્સ રિપ્રેઝન્ટેટિવ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા' (FMRAI) ની અરજી પર આ નિર્ણય સંભળાવ્યો છે. સમિતિ તમામ હિતધારકોના સૂચનો અને વાંધાઓ ધ્યાને લઈ ફાર્મા કંપનીઓ માટે કાયદેસર રીતે બંધનકર્તા અને વૈધાનિક નિયમનકારી માળખું (Statutroy Framewrok) જરૂરી છે કે નહીં તેની તપાસ કરી સુપ્રીમ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરશે.

હાલમાં 'યુનિફોર્મ કોડ ફોર ફાર્માસ્યુટિકલ માર્કેટિંગ પ્રેક્ટિસ' (UCPMP), ૨૦૨૪ અમલમાં છે, પરંતુ ફાર્મા કંપનીઓને સીધી રીતે નિયંત્રિત કરવા માટે સ્પષ્ટ કાનૂની માળખાનો અભાવ છે. સુપ્રીમ કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૨૯ જાન્યુઆરીએ કરશે.


## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-પીયાવા ગામે ખેડુત ખાતા નં-૧૩૩૬ ની ખેતીના માલીકશ્રી વસંતભાઈ જસમતભાઈ પટેલના સ્વતંત્ર નામે સ.નં-૬૦ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૫૭-૬૭, આકાર-૧૧.૧૭વાળી ખેતીની જમીન આવેલ છે.

(૨) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-પીયાવા ગામે ખેડુત ખાતા નં-૧૩૩૫ની ખેતીના માલિકો શ્રી ધરમશીભાઈ છગનભાઈ પટેલ તથા શ્રી સતીષભાઈ પ્રાણજીવનભાઈ કોટડીયા ના સંયુક્ત નામે સ.નં-૬૦ પૈકી ૪, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૫૭-૬૭, આકાર-૧૧.૧૭ તથા સ.નં-૬૨ પૈકી ૫, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૧૭-૩૬, આકાર-૧૧.૦૦ વાળી ખેતીની જમીનો આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૦૮/૧૦/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪


# રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંક દ્વારા ધોરાજીની કિસાન સહકારી મંડળીનું સન્માન, મોટરસાઈકલ ભેટ



ધોરાજી,તા.૦૮

ધોરાજીના કુંભારવાડા સ્થિત કિસાન ખેતી વિષયક સેવા સહકારી મંડળીને સમગ્ર રાજકોટ જિલ્લામાં ખેડૂતલક્ષી યોજનાઓ, ધિરાણ અને ખાતર વિતરણમાં શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ મળ્યો છે. રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકની સાધારણ સભામાં પ્રમુખ જે.ડી. બાલધા અને મંત્રી રાહુલભાઈ ગોહિલને બેંકના ડિરેક્ટરો તેમજ જનરલ મેનેજર વી.એમ. સખીયા હસ્તે મોટરસાયકલની ચાવી સુપ્રત કરાઈ હતી.


## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભેંસવડી ગામે ખેડુત ખાતા નં-૫૮૪ ની ખેતીના માલિકો શ્રી ધરમશીભાઈ છગનભાઈ પટેલ (હિસ્સો ૩૫ ટકા), વસંતભાઈ જસમતભાઈ પટેલ (હિસ્સો ૨૫ ટકા), નરેન્દ્રભાઈ ઠાકરશીભાઈ કુંડારીયા (હિસ્સો ૧૦ ટકા), યતિનભાઈ પ્રાણજીવનભાઈ (હિસ્સો ૩૦ ટકા) નામે સ.નં-૧૧૪/૫ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૨૧-૪૧, આકાર-૮.૨૫ વાળી ખેતીની જમીન આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનિક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૦૮/૧૦/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

# ગેસ સિલિન્ડરમાં ભાવ વધતા સાવરકુંડલા વિસ્તારમાં લાકડાના ભાવમાં ૩૦ ટકા સુધીનો વધારો

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી લાકડાની માંગમાં વધારો જોવા મળી રહ્યો છે. માંગ વધતા લાકડાના ભાવમાં પણ વધારો થયો છે. અગાઉ ૨૦ કિલો લાકડાનો ભાવ આશરે રૂ.૧૦૦ હતો, જે હાલમાં વધીને રૂ.૧૫૦ થી ૧૬૦ સુધી પહોંચ્યો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોની સાથે હવે શહેરી વિસ્તારોમાં પણ લોકો લાકડાની ખરીદી તરફ વળ્યા છે. ગેસ સિલિન્ડર સમયસર ઉપલબ્ધ ન થવો, ગેસના ભાવમાં વધારો તેમજ ઘરગથ્થુ જરૂરિયાતો માટે વૈકલ્પિક ઈંધણની જરૂરિયાતને કારણે કેટલાક લોકો લાકડાનો ઉપયોગ કરવા લાગ્યા છે. પરિણામે બજારમાં લાકડાની માંગમાં વધારો થયો છે.સાવરકુંડલામાં છેલ્લા ૩૦ વર્ષથી લાકડાના વ્યવસાય સાથે જોડાયેલા તોફિકભાઈ કુરેશીના જણાવ્યા મુજબ, તેઓ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી લાકડાની ખરીદી કરી તેનું વેચાણ કરે છે. સાવરકુંડલામાં લોખંડની અનેક ઈન્ડસ્ટ્રીઝ આવેલી હોવાથી ત્યાં પણ લાકડાનો ઉપયોગ થાય છે. ઉપરાંત સામાન્ય લોકો પણ લાકડાની ખરીદી કરતા થયા છે.વેપારીના જણાવ્યા મુજબ, ૭ મહિના પહેલા ૨૦ કિલો લાકડાનો ભાવ રૂ.૧૦૦ ની આસપાસ હતો, જ્યારે હાલમાં માલની અછત અને માંગ વધતા ભાવ રૂ.૧૫૦થી ૧૬૦ સુધી પહોંચ્યો છે. આમ ૭ મહિનામાં ભાવમાં અંદાજે ૫૦થી ૬૦ ટકાનો વધારો થયો છે. વધેલા ભાવથી લાકડાનો ઉપયોગ કરતા ગ્રાહકોના ઘરખર્ચ પર પણ અસર પડી રહી છે.

# જસદણના સાણથલી ગામે ખેડૂતની જમીન પચાવી પાડવાના આરોપમાં પિતા-પુત્ર સહિત ૩ ઝડપાયા




રાજકોટ, તા.૦૮

જસદણના સાણથલી ગામે વ્યાજખોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ખેડૂતે માસિક ૩ ટકા વ્યાજે સાડા પાંચ લાખ રૂપિયા લીધા બાદ સમયસર ચુકવણી ન કરી શકતા ધાકધમકી આપી જમીનનો સિક્યુરિટી વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હોવાનો આક્ષેપ કર્યો છે. જમીન પરત માંગતા વ્યાજના વ્યાજ સહિત રૂ.૫૦ લાખની માંગણી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે આટકોટ પોલીસે ભગુભાઈ વલકુભાઈ જેબલિયા તથા તેમના પુત્ર પ્રતાપભાઈ અને રાજુભાઈ સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ વર્ષ ૨૦૧૬માં જસદણ મામલતદાર કચેરી ખાતે દસ્તાવેજ કરાવવામાં આવ્યો હતો. ખેડૂતે જમીન પરત માંગતા હાથ-પગ ભાંગી નાખવા, જાનથી મારી નાખવા તેમજ ગામ છોડાવી દેવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ કર્યો છે. અંતે ખેડૂતે રાજકોટ રૂરલ એસપી કચેરીનો સંપર્ક કરતા પોલીસે તપાસ હાથ ધરી ત્રણેય આરોપીની ધરપકડ કરી છે.

# ગિફ્ટ સિટીમાં નવરાત્રીની નવ રાત 'ગિફ્ટ ગરબા'ની ધમાલ

ગાંધીનગર,તા.૦૮

ગિફ્ટ સિટી ખાતે ૧૧થી ૧૯ ઓક્ટોબર દરમિયાન 'ગિફ્ટ ગરબા'નું આયોજન કરવામાં આવ્યું છે. નવ રાત સુધી ચાલનારા આ ઉત્સવમાં ગરબા, લાઈવ મ્યુઝિક, કળા અને મનોરંજનનો સંગમ જોવા મળશે. નવેય રાત અલગ-અલગ થીમ સાથે ઉજવાશે. ૧૧ ઓક્ટોબરે 'શક્તિ' થીમ સાથે હિમાલી વ્યાસ નાયક, ૧૨મીએ 'અનુભૂતિ' સાથે મીત જૈન રજૂઆત કરશે. ૧૩ અને ૧૪મીએ 'રંગ અને રાગ'માં ઓસમાણ મીર, જ્યારે ૧૫ અને ૧૬મીએ 'આનંદ અને ભક્તિ'માં સાયલી કાંબલે પર્ફોર્મ કરશે.




# ભુજમાં સસ્તા સોનાની લાલચ આપી ઠગાઈ કરતી ટોળકી ઝડપાઈ



ભુજ, તા.૦૮

ભુજમાં સસ્તા ભાવે સોનું આપવાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરતી ટોળકીનો પર્દાફાશ થયો છે. કચ્છ પશ્ચિમ પોલીસની એલસીબીએ ઈન્સ્ટાગ્રામ મારફતે સસ્તું સોનું આપવાની વાત કરી ઠગાઈ કરતા પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ કાર્યવાહીમાં આરોપીઓ પાસેથી એક કિલો સોનું, ૧૫ ડુપ્લિકેટ સોનાના બિસ્કિટ અને નવ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે કાર સહિત કુલ ત્રણ વાહનો કબજે કરી રૂ.૧.૬૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓ ઈન્સ્ટાગ્રામ મારફતે લોકોનો સંપર્ક કરી સસ્તા ભાવે સોનું આપવાની લાલચ આપતા હતા અને બાદમાં વિશ્વાસમાં લીધેલા લોકો સાથે છેતરપિંડી કરતા હતા. પોલીસે મોબાઈલ ફોન અને વાહનોના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ટોળકીએ અન્ય કેટલા લોકોને નિશાન બનાવ્યા છે તે અંગે પણ તપાસ ચાલુ છે.




# હવે એસટીમાં કાગળની ટિકિટની જગ્યાએ SMS પણ માન્ય ગણાશે

અમદાવાદ,તા.૦૯

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) દ્વારા મુસાફરોની સુવિધા માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે બસ સ્ટેશનના કાઉન્ટર પરથી બુક કરાવેલી ટિકિટનો મોબાઈલ પર આવેલો SMS પણ મુસાફરી દરમિયાન માન્ય ગણાશે. રેલવેની જેમ મુસાફરોએ જીસ્જી સાથે અસલ ઓળખપત્ર (જેમ કે આઈડી કાર્ડ કે ડ્રાઈવિંગ લાઈસન્સ) સાથે રાખવું ફરજિયાત રહેશે. આ નિર્ણયથી કાગળની ટિકિટ સાચવવાની ઝંઝટમાંથી રાહત મળશે.










